છૂટક નકલ કિંમત ₹ ૧૦-૦૦

# ગુજરાતી ક્રિશ્ચિયન્સ

આપણી સામાજિક નિકટતાનો સેતુ

પુસ્તક : ૧૪   અંક : ૭   જુલાઈ ૨૦૨૦



"બીશ નહિ, માત્ર વિશ્વાસ રાખ." માર્ક ૫:૩૬

"માણસોને તો એ અશક્ય છે, પણ ઈશ્વરને સર્વ શક્ય છે." માથ્થી ૧૯:૨૬

# શું તમારે અન્ય ખ્રિસ્તી સામયિકો કરતાં અનેક ગણાં વાચકો - કુટુંબોને તમારી વાત જણાવવી છે? તો 'ગુજરાતી ક્રિશ્ચિયન્સ'માં જ આપની કલર / B&W જાહેરાત છપાવો...

• એક્સક્લુઝિવ અને આકર્ષક ડિઝાઈનિંગ • સ્પષ્ટ દેખાય અને ઓળખાય તેવા ફોટોગ્રાફ્સ • ધ્યાનાકર્ષક રજૂઆત • ફેલાવો અને પહોંચ વધુ હોવા છતાં અતિશય વાજબી અને અન્ય સામયિક જેટલા જ જાહેરાતના દર • ગુજરાત રાજ્યના તમામ નાનાં-મોટાં ગામ/શહેર, ભારતનાં અન્ય રાજ્યો અને દેશ-પરદેશમાં વસતાં તમામ મંડળીઓના (કેથલિક-પેન્ટિકોસ્ટલ સહિત) ખ્રિસ્તી વાચકો સુધી પહોંચવા માટે એકમાત્ર યોગ્ય વિકલ્પ. • જાહેરાત આપવા દ્વારા સામયિકના આત્મિક સેવાકાર્યમાં સહભાગી થવાનો સંતોષ.

**શું આવતા મહિને તમારા કુટુંબમાં આનંદ અને ઉજવણીનો અવસર છે? તો આપના આનંદને 'ગુજરાતી ક્રિશ્ચિયન્સ'નાં પૃષ્ઠો ઉપર ઊજવો...**

આ પ્રસંગની જાહેરાત તા.૨૦મી પહેલાં આપના પ્રિય સામયિક 'ગુજરાતી ક્રિશ્ચિયન્સમાં આપી તેને તમારા આનંદમાં સહભાગી બનાવો. વર્ષમાં એક વખત અવશ્ય લાભ લેશો.




મેરેજ એનિવર્સરી | વર્ષગાંઠ | ડિગ્રી | પ્રમોશન | અભિનંદન | એવોર્ડસ્

## જાહેરાતના દર

| સાઈઝ | બ્લેક એન્ડ વ્હાઈટ જાહેરાત | રંગીન જાહેરાત |
|---|---|---|
| ચોથા ભાગનું પાનું | રૂા. ૧૦૦૦/- (ફક્ત પ્રમોશન, એવોર્ડસ અને ડિગ્રી) | — |
| અડધું પાનું | રૂા. ૧૭૫૦/- | રૂા. ૩૦૦૦/- |
| આખું પાનું | રૂા. ૩૦૦૦/- | રૂા. ૬૦૦૦/- |

નોન-ક્રિશ્ચિયન જાહેરાતકર્તા માટેના દર અલગ છે
ટાઈટલ પેજના દર માટે જુઓ છેલ્લેથી બીજું પેજ

ગુજરાતી ક્રિશ્ચિયન્સ
ગુજરાતી ભાષામાં
પ્રસિદ્ધ થતાં ખ્રિસ્તી સામયિકોમાં
સૌથી વધુ ફેલાવો ધરાવતું
નં. ૧ સામયિક

**સંપર્ક :**
**૦૭૯-૨૨૧૬૨૪૫૧**

# જાહેરાત માટેનું ઉત્કૃષ્ટ માધ્યમ એટલે ગુજરાતી ક્રિશ્ચિયન્સ

ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થતાં ખ્રિસ્તી સામયિકોમાં નં. ૧ સામયિક...

ગુજરાતી ક્રિશ્ચિયન્સ

આપણી સામાજિક નિકટતાનો સેતુ

www.gujaratichristians.com

વર્ષ:૧૪ અંક:૭ સળંગ અંક:૧૬૩ જુલાઈ ૨૦૨૦

**તંત્રી:** જોસેફ બેન્જામીન
PGDPP (Print & Publish)
MBA (Systems) (Marketing)

**સંપર્ક :** કાર્યાલય : ૦૭૯-૨૨૧૬૨૪૪૧
પ્રેસ : ૦૭૯-૨૨૯૩૨૪૪૧

**પ્રકાશકઃ**
જોસેફ બેન્જામીન

**પ્રકાશન સ્થળ/કાર્યાલયઃ**
એ/૪, બેથલેહેમ ફ્લેટ્સ, પટેલવાડી, ખોખરા સ્વિમિંગ પુલ સામે, મણિનગર (પૂર્વ), અમદાવાદ - ૩૮૦ ૦૦૮.

**વાર્ષિક લવાજમઃ**
(ઓનલાઈન પણ ભરી શકો)
ભારતમાંઃ રૂા. ૧૨૦ છૂટક નકલ : રૂા. ૧૦
વિદેશમાંઃ રૂા. ૧૬૦૦ US $ 35
ચેક/ડ્રાફ્ટ : JENSON MEDIA CORPORATION ના નામે લખો.

**E-mail: advtgc@gmail.com**

Gujarati Christians (Gujarati Monthly -1st of every month)
Owned, Printed and Published by Joseph Emmanuel Benjamin and Printed by him at Madhvi Offset Pvt. Ltd., B-20/21, Mohan Estate, Opp. Anupam Cinema, Khokhra, Ahmedabad-380 008 Published by him from A/4 Bethlehem Flats, Patelwadi, Maninagar(E), Ahmedabad-380 008 Editor : Joseph Emmanuel Benjamin.
*Annual Subscription :* Rs.120/-
*Retail selling price:* Rs. 10/-

जोसेफ ईमानुएल बेन्जामीन द्वारा माधवी ओफसेट प्रा.ली., बी २०-२१ मोहन एस्टेट, अनुपम सिनेमाके सामने, खोखरा, अहमदाबाद में मुद्रित एवं ए/४, बेथलेहेम फ्लेटस् पटेलवाडी, मणिनगर पूर्व, अहमदाबाद से प्रकाशित. संपादक : जोसेफ ईमानुएल बेन्जामीन.

*માલિક, મુદ્રક અને પ્રકાશક જોસેફ ઈમાનુએલ બેન્જામીન દ્વારા માધવી ઓફસેટ પ્રા.લી., બી-૨૦/૨૧, મોહન એસ્ટેટ, અનુપમ સિનેમાની સામે, ખોખરા, અમદાવાદમાં મુદ્રિત અને એ/૪, બેથલેહેમ ફ્લેટ્સ, પટેલવાડી, મણિનગર (પૂર્વ), અમદાવાદથી પ્રકાશિત.*
*તંત્રી: જોસેફ ઈમાનુએલ બેન્જામીન.*

# સામયિકના મુખેથી...

યહોવા મારું અજવાળું તથા મારું તારણ છે;
હું કોનાથી બીઉં? યહોવા મારા જીવનનું સામર્થ્ય છે;
મને કોનું ભય લાગે?
જો કે સૈન્ય મારી વિરુદ્ધ છાવણી નાખે,
તોપણ હું મનમાં ડરીશ નહિ.
જો કે મારી વિરુદ્ધ યુદ્ધ ઊઠે,
તોપણ હું [ઈશ્વર પર] ભરોસો રાખીશ.

કેમ કે સંકટને સમયે તે પોતાના
માંડવામાં મને ગુપ્ત રાખશે;
પોતાના મંડપને આશ્રયે
તે મને સંતાડશે; તે મને ખડક ઉપર ચઢાવશે.

હે યહોવા, હું મારી વાણીથી
વિનંતી કરું છું ત્યારે તે સાંભળો;
વળી મારા પર દયા કરીને
મને ઉત્તર આપો.
''મારું મુખ શોધ'' [એમ તમે મને કહ્યું, ત્યારે]
મારા હૃદયે તમને કહ્યું કે,
હે યહોવા, હું તમારું મુખ શોધીશ.
મારાથી તમારું મુખ ન ફેરવો.
કોપ કરીને તમારા સેવકને કાઢી ન મૂકો.
તમે મારા સહાય[કારી] થયા છો;

હે મારા તારણના ઈશ્વર,
મને દૂર ન કરો, અને મને તજી ન દો.
મારા પિતાએ તથા મારી માએ
મને તજી દીધો છે, પણ યહોવા મને સંભાળશે.

આ જીવનમાં હું યહોવાની દયાનો અનુભવ કરીશ,
એવો જો મેં વિશ્વાસ ન કર્યો હોત
તો [હું નિર્ગત થઈ જાત].
યહોવાની રાહ જો; બળવાન થા, અને હિમ્મત રાખ;
હા, યહોવાની રાહ જો.

# અનુક્રમ જુલાઈ ૨૦૨૦


**શ્રેણી** નિરાકરણ : પાઉલ પ્રેરિત તિમોથી માટેના કયા... **૧૨**

ઈમુભાઈની બોધકથાઓ : સિંહ ઉપકાર ભૂલતો નથી **૧૪**

બોલતાં જીવનો : એલન ફ્રાન્સિસ ગાર્ડિનર **૨૨**

**વિવિધ**

પણ તમે કોણ છો? ................જયંતિ ક્રિશ્ચિયન............................૧૦
સાતમી મુદ્રા .......................સ્ટીવન્સ મેકવાન...........................૧૬
તે દા'ડે ............................જે. આર. ક્રિશ્ચિયન .......................૧૭
અંત સમયની નિશાનીઓ કઈ? ...શિરીષ ક્રિસ્ટી..............................૨૫
પડછાયો ...........................નીલ્સ ક્રિશ્ચિયન .........................૨૭
બરબ્બાસ...........................રેવ. ડૉ. ચંદ્રકાન્ત પથિક .....................૨૮
હૃદય ખુલ્લાં કરો...................વિજયપુષ્પાબહેન ભગોરા..................૩૬

**ઉપરાંત**

સામયિકના મુખેથી ........................................................૩
તંત્રીની કલમે...............................................................૫
પ્રતિભાવ ...................................................................૭
ઘરસંગત બાઈબલ અભ્યાસ...............................................૮
કાવ્યોત્સવ ..................................................................૯
શાંત સમયે ...................... ...........................................૧૩
થાઈલેન્ડ સ્પેશિયલ............ ...........................................૨૦
હલ્લો ગુજરાત .................. ...........................................૩૩
શબ્દગૂંચ....................... ...........................................૩૪


તો ખરું જ...

# તંત્રીની કલમે

***ખ્રિસ્તમાં વહાલાં મિત્રો,***

પ્રેમી સલામ!

૧૪મી જૂને, ભચાઉ-કચ્છમાં ૫.૧ની તીવ્રતાનો ધરતીકંપ આવ્યો. તેના આફ્ટરશોક્સ હજુ પણ ચાલુ જ છે. એ જ દિવસે મ્યાંમારમાં ૪.૮નો ભૂકંપ, ૧૫મી જૂને ફરી કંડલા પાસે ૩.૯નો ભૂકંપ અને ૧૮મી જૂને આંદામાન અને નિકોબારમાં ૪.૮નો ધરતીકંપ આવ્યો. ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં મે માસમાં 'અમ્ફાન' અને જૂન માસની શરૂઆતે મહારાષ્ટ્ર-ગુજરાત ઉપર 'નિસર્ગ' ચક્રવાત ત્રાટક્યાં. આ તો ફક્ત ભારતમાં આવેલા ધરતીકંપ અને વાવાઝોડાની વાત છે. વિશ્વભરમાં અન્ય ઠેકાણે પણ આવી કુદરતી હોનારતો સર્જાવાનો સિલસિલો ચાલુ છે. એટલાન્ટિક મહાસાગરમાંથી ઉદ્‌ભવેલા અનેક આંધી-વાવાઝોડાંની 'બિઝી હરિકેન સિઝન' ૨૦૨૦માં અમેરિકા અને અન્ય દેશોને ઘમરોળવાના છે તેવી હવામાન ખાતાની આગાહી છે. ઈરાન, પાકિસ્તાન અને છેક આફ્રિકાથી તીડના ટોળેટોળાં હાલ ભારત ઉપર ત્રાટક્યાં છે. કોવિડ-૧૯ મહામારીએ વિશ્વના લાખો લોકોના જીવ લીધા છે અને હજીએ લઈ રહી છે. માનસિક રોગ અને હતાશાને કારણે અત્યારે લોકોની હાલત બૂરી થઈ ગઈ છે. અમેરિકામાં અશ્વેત પ્રજા અને શ્વેત પ્રજા વચ્ચે વિરોધનું વાતાવરણ છે. દેખાવો અને સૂત્રોચ્ચાર તથા હુલ્લડો અમેરિકાથી યુરોપ અને અન્ય દેશોમાં પ્રસર્યાં છે. પ્રજા પ્રજાની વિરુદ્ધ થઈ છે. ભારત-ચીન યુદ્ધની કગાર ઉપર ઊભા છે. ઉત્તર અને દક્ષિણ કોરિયા વચ્ચે ગમે ત્યારે યુદ્ધ થઈ જાય તેવી સ્થિતિ છે. ભારતમાં બેકારી, ભૂખમરો, કારમી આર્થિક સંકડામણ, તાણ-ચિંતા-ભયને કારણે ગૃહકલેશ, હિંસા, આત્મહત્યા અને કુટુંબોની સામૂહિક આત્મહત્યાઓના બનાવો વધી ગયા છે. આપણી આસપાસ અને વિશ્વભરમાં બની રહેલા આ બધા જ બનાવો શું આપને અંત સમયના સંકેતસમા નથી લાગી રહ્યાં? છેલ્લા દિવસોની આછી ઝલક સમાન નથી લાગતા?

સાંપ્રત બનાવો અને પરિસ્થિતિ એવી બિહામણી છે કે ભલભલા વિશ્વાસીઓનો વિશ્વાસ ખૂટી ગયો છે.



'આવા સમયોમાં ઈશ્વર ક્યાં છે?' એવો પ્રશ્ન તેઓ મનમાં પૂછી રહ્યાં છે. ભય અને ચિંતાથી ઘેરાઈ ગયા છે. આપણી દિનચર્યા, આપણી યોજનાઓ, મુક્ત રીતે હરવા ફરવાની સ્વતંત્રતા, નોકરી-ધંધા, આવક જેવી તમામ બાબતો ઉપર જાણે પાણી ફરી વળ્યું છે. ખ્રિસ્ત ઉપરના વિશ્વાસમાં ટકી રહેવું અઘરું છે. પરંતુ એ જ એકમાત્ર ઉપાય છે. પ્રભુ ઉપર વિશ્વાસ રાખીને ભય અને આશંકાને દૂર ફગાવી દઈને સતત પ્રાર્થના કરવાની જરૂર છે. Don't Panic just Pray. સંત ઈગ્નાશ્યસ કહેતા કે, "દરેક બાબતમાં ઈશ્વરને શોધો."

માનવજાત સાથેના ઈશ્વરના વ્યવહારના હજારો વર્ષના ઈતિહાસને જો બારીકાઈથી જોશો તો જણાઈ આવશે કે ભયંકર સંકટકાળો દરમ્યાન ઈશ્વરે જેની આપણે અપેક્ષા પણ ન રાખી હોય તેવી અણધારી રીતે કાર્ય કરીને વિપત્તિઓ વચ્ચે પણ આપણા માટે કંઈક ને કંઈક સારું જ પરિણામ નિપજાવ્યું છે. બાઇબલમાંથી ઇઝરાયલ પ્રજાની બાબતમાં અને ઈશ્વર ઉપર વિશ્વાસ કરનારા લોકોની બાબતમાં આવાં સેંકડો ઉદાહરણો તમને મળી આવશે.

કોરોના મહામારીના સમયોએ આપણને આત્મખોજ કરવાનો અને ચિંતન કરવાનો, પર્યાપ્ત સમય આપ્યો છે. જીવન કેટલું ક્ષણભંગુર છે અને વિશ્વ તથા વિજ્ઞાન ગમે તેટલી હરણફાળ ભરે, પરંતુ ઈશ્વર આગળ આપણે સૌ કેટલા બધા લાચાર અને વામણાં છીએ એ હકીકતને પણ બખૂબી સમજવાની ઉમદા તક પૂરી પાડી છે. આ કટોકટીના સમયો દરમ્યાન અને ત્યારબાદ જીવનપર્યંત ઈશ્વર તરફ લક્ષ રાખીને માનવતાભર્યા અભિગમ સાથે જીવવાની શીખ આપણને સૌને ખૂબ સારી રીતે મળી ગઈ છે. જીવનમાં સૌથી અગત્યનું શું છે એનો સ્પષ્ટ ખ્યાલ આવ્યો છે. સ્વજનો સાથે વધારે નિકટતા કેળવાઈ છે. જીવનની પ્રાથમિકતાઓ - પ્રાયોરિટીઝ બદલાઈ ગઈ છે.

આપણે સમૃદ્ધ થવાની ઘેલછા પાછળ અને રોટી-કપડાં-મકાનની જરૂરિયાતોને પૂરી કરવાની ચિંતામાં માનસિક ત્રાસ વેઠીને જીવનભર બસ દોડ્યા જ કર્યું છે. પૃથ્વી ઉપરના ૭૦-૮૦ વર્ષના ટૂંકા જીવનની લહાયમાં સદા સર્વકાળ માટે મળનારા અનંતજીવનની બિલકુલ

પરવા જ કરી નથી. આ મહત્ત્વના મુદ્દાની જીવનભર સતત અવગણના જ કરી છે. મરિયમની માફક ઈસુના ચરણોમાં બેસીને તેમની વાતો સાંભળવાને બદલે ફક્ત કામ, કામ અને કામની દોડાદોડી અને ચિંતાથી ગભરાયેલી માર્થાને પ્રભુ ઈસુએ કહ્યું હતું કે, “એ બધી બાબતોને બદલે માત્ર એક જ વાતની જરૂર છે અને તે તો ઈશ્વરની સાથેનો સંબંધ અને ઈશ્વરનું સતત સાંનિધ્ય તથા તેમની વાતો-વચનો માટેની ધગશ.” (લૂક ૧૦:૩૮-૪૨)

“પૃથ્વી ઉપર હું અહીં શા માટે છું?” એ જટિલ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે રીક વોરનનું ‘હેતુ હંકારે જીવન’ પુસ્તક જીવનમાં એકવાર અચૂક વાંચવા હું તમને આગ્રહભરી વિનંતી કરું છું. એ પુસ્તકના વાંચનથી આ જીવન પ્રત્યેનો તમારો અભિગમ ધરમૂળથી બદલાઈ જશે એની ખાતરી આપું છું.

લોકડાઉન બાદ અનલોક આવ્યું છે પરંતુ જીવન હજી પાટા ઉપર ચડ્યું નથી. કોરોના અગાઉની જીવનશૈલી કરતા કોરોના બાદની જીવનશૈલી તદ્દન વિપરીત છે. શરૂઆતમાં વાત કરી એ મુજબ હાલના સમયો અને ઘટનાઓને, વિશ્વના અંત અને ઈસુના આગમન પૂર્વે બનનારા બનાવોની એક સાવ આછી ઝલકરૂપે આપણે જોઈએ તે વધુ ઇચ્છનીય છે. ખરેખરા અંત સમયોમાં તો એટલી બધી યાતનાઓ અને પીડા હશે કે જેની કલ્પના પણ ન થઈ શકે. એ સમયે, જેની હાલ આપણને ખૂબ જ બીક લાગે છે, તે મરણને ગળે લગાવવા લોકો તત્પર બની ગયા હશે. મરણને સદ્‌ભાગ્ય ગણશે. જે મર્યા એ લોકો વિપત્તિઓમાંથી છૂટ્યાં એવું ગણવામાં આવશે. પરંતુ એ સમયોમાં મરણ પણ દુર્લભ થઈ ગયું હશે! માંગવા છતાં મૃત્યુ નહીં મળે! આવું બાઇબલ આપણને કહે છે.

હાલના સમયો અને બનાવો દ્વારા ઈશ્વર આપણને સૌને ચેતવણી અને સાથે અમૂલ્ય એવી અનેક તકો પણ આપી રહ્યા છે. પાપોનો પસ્તાવો કરવાની તક, પ્રભુ ઈસુ ઉપર વિશ્વાસ કરીને પાપોની માફી મેળવી લેવાની તક અને અંત સમયની વિપત્તિઓમાંથી બચી જઈને અનંતજીવન મેળવી લેવાની મહામૂલી તેમ જ આખરી તક. શું તમને તમારાં પાપોની માફી મળ્યાની અને તમને અનંતજીવન મળશે જ એવી સ્પષ્ટ ખાતરી છે? જો તમારો જવાબ ‘ના’ હોય તો પ્રભુ ઈસુ પાસે આવો અને અત્યારે જ ઉદ્ધાર પ્રાપ્ત કરો. આ અંતિમ તક બિલકુલ ગુમાવવા જેવી નથી, નથી ને નથી જ. આપણા તારનાર પ્રભુ ઈસુનો ધીરો મીઠો પ્રેમી મધુર અવાજ સાંભળી લો, અપનાવી લો. એ સાદને તરછોડશો નહિ કે જરાયે અવગણશો નહીં.

કોણ તરછોડે આ પ્રેમી અવાજ?  
કોણ તરછોડે વીંધાયેલ હાથ?  
ના, ના, એમ નહિ કરો કોઈ,  
છેલ્લો ટકોરો કદાચ આ હોય!

પ્રેમભાવથી,



**કાનૂની સ્પષ્ટતા -** Legal Disclaimer - Gujarati Christians Monthly - ગુજરાતી ક્રિશ્ચિયન્સ સામયિકમાં પ્રગટ થતાં લેખો, વિભાગો, કાવ્યો, વાર્તાઓ, સમાચારો, પ્રતિભાવો, જાહેરાતો વગેરે સાથે તંત્રી, પ્રકાશક, મુદ્રક સંમત છે જ તેમ માનવું નહીં. લેખન અંગેની તમામ જવાબદારી જે તે લેખકની રહેશે.જાહેરાત અંગેની તમામ જવાબદારી જાહેરાત આપનારની રહેશે. કોઈપણ સંજોગોમાં આ સામયિકમાં લખાતાં - છપાતાં લખાણ માટે તંત્રી, પ્રકાશક કે મુદ્રકને જવાબદાર ઠેરવી શકાશે નહીં. જાહેરાત આપનારની સાથે વાચકોએ પોતાની વિવેકબુદ્ધિથી અને પોતાના જોખમે વ્યવહાર કરવો.

આ સામયિકની ડિઝાઈન, ગોઠવણ, શૈલી, ચિત્રો વગેરેનું કોઈપણ રીતે અનુકરણ કરી શકાશે નહીં. પ્રકાશકની લેખિત અનુમતિ વગર કોઈપણ કૃતિનો ઉપયોગ કરવો નહીં. જે કોઈ આમ કરવામાં કસૂરવાર ઠરશે તે કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે. ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.



# પ્રતિભાવ

**જૂન માસના અંકનો ઉષ્માસભર આવકાર**

“સાંપ્રત સંજોગોમાં દુનિયાભરમાં વ્યાપેલા કોરોના વાયરસની આક્રમકતાના સંદર્ભે સાવચેતી, સેવા અને સમીક્ષાને આવરી લેતા ગુજરાતી ક્રિશ્ચિયન્સના જૂન ૨૦૨૦ના online અંકને આવકારતાં આનંદ અનુભવાય છે. આવો કટોકટીનો અને લોકડાઉનનો આકરો સમય હોવા છતાં તંત્રીશ્રી જોસેફભાઈએ સામયિકના પ્રસ્તુત અંકને મે માસના છેલ્લા દિવસે ગ્રાહકો, વાચકો, મિત્રોના હાથમાં - મોબાઇલમાં મૂકી દેવાની ખાસ ચીવટ રાખેલી છે તે પ્રશંસાપાત્ર છે. તેમાં વિશ્વને હચમચાવનાર કોરોનાનું વિગતે વિવેચન છે. વળી તેનાથી બચવાના ઉપાયો સાથે શિસ્ત અને સંયમથી તેને બાર ગાઉની દૂરી પર રાખી શકાય છે, તેવી ખાતરી સાથે તંત્રીશ્રી દ્વારા વાચકોને તથા આ રોગચાળાથી સંક્રમિત થયેલાઓને હિંમત અપાયેલી છે.

દેશના શ્રમિકોના ધંધારોજગાર બંધ થઈ જવાને કારણે તેઓ બેકાર થવાથી વતનમાં હિજરત કરતાં તેઓને પડેલી હાલાકીના હૃદયંગમ ચિત્રનું નિરૂપણ સામયિકમાં કરાયેલું છે. આ નિરૂપણ દ્વારા નીડરતાપૂર્વક સરકાર તથા લાગતાવળગતા અધિકારીઓનું તથા સેવાસંસ્થાઓનું ધ્યાન દોરવાનું પગલું ભરવામાં આવેલું છે. કેટલીક સેવાભાવી સંસ્થાઓએ આ શ્રમિકોના ભોજન તથા પ્રવાસ માટે કરેલી સેવાઓને બિરદાવવાનો ઉત્તમ પ્રયાસ પણ મેગેઝિનનાં પૃષ્ઠો પર કરાયેલો છે.

આપણા સમાજ અને મંડળીઓના કર્તા હર્તા દ્વારા આવા આપદકાલીન સમયમાં પોતાના પરિવાર જેવા સમુદાયના ગરીબો, વિધવાઓ અનાથ અને પીડિતો પ્રત્યે હમદર્દી દર્શાવવામાં આવે તથા સંસ્થાઓને મળેલાં દાન ઉપરાંત F.D. તથા અન્ય સંપત્તિનો ઉપયોગ તેઓના શ્રેયાર્થે કરવામાં આવે તે માટે પણ સમયસરની ટકોર કરતાં તંત્રીશ્રી જોસેફભાઈએ ખાસ ધ્યાન દોરેલું છે. અને સવાલ કરેલો છે કે ભંડારી રાખેલાં દાનફાળાનાં નાણાંનો ઉપયોગ આવા આપદકાલીન સમયે કરવામાં નહીં આવે તો પછી તેનો ઉપયોગ ક્યારે કરવામાં આવશે ? એ બાબત ખાસ વિચારણીય છે.

અંકમાં વિખ્યાત સંદેશવાહક, પ્રભુના અદના સેવક અને મહાન સુવાર્તિક આદરણીય ડો. રવિ ઝખાર્યાની સેવાની નોંધ લેવાની તંત્રીશ્રીએ રાખેલી કાળજી કદરપાત્ર છે. આ પત્રલેખક સહિત આપણ સૌના તરફથી પણ તેઓ સન્માનને પાત્ર છે.

પ્રસ્તુત અંકમાં જે કવિ લેખકોની કૃતિઓ પ્રકાશિત થયેલી છે તેઓ સર્વને તેમણે કરેલા લેખનપરિશ્રમ બદલ અભિનંદન ઘટે છે.

એકંદરે સમગ્ર અંક સિદ્ધિને પાત્ર છે. આગામી અંક મુદ્રિત સ્વરૂપમાં હાથમાં આવે એવી અપેક્ષા છે. આટલું તો બહુ થયું.”

**- ડો. સુરેન્દ્ર આસ્થાવાદી, નડિયાદ**

““જૂન ૨૦૨૦નો ‘ગુજરાતી ક્રિશ્ચિયન્સ’ સામયિકનો આપનો તંત્રીલેખ વાંચ્યો. ખૂબ જ અસરકારક, કરુણાસભર અને સમયસર. એના પરિણામે, કંઈક હકારાત્મક કાર્યવાહી થઈ રહેલી આપણને સૌને જોવા મળશે એવી આશા રાખું છું.
આપણી આસપાસ અને મંડળીમાં ઘણાબધા જરૂરિયાતમંદ લોકો છે. તમારી હાકલ એ અરણ્યના પોકાર સમાન નથી જ અને તેથી તે ચોક્કસપણે સાંભળવામાં આવશે. તમારા આ સારા કાર્યને બિરદાવું છું અને તેની કદર કરું છું.””

**- રેવ. ડો. નિકોલસ જી. પરમાર, અમદાવાદ**

# ગુજરાતી ક્રિશ્ચિયન્સ ઘરસંગત બાઈબલ અભ્યાસ જૂથ જુલાઈ - ૨૦૨૦ની રૂપરેખા

## "આપણે એકઠાં મળવાનું પડતું ન મૂકીએ"

આપનાં કુટુંબ, મિત્રવર્તુળ, સહ–કર્મચારીઓ, પડોશીઓ વગેરેમાંથી ત્રણ – ચારથી લઈ દસ–બાર વ્યક્તિઓ એકત્ર મળીને તમારા ઘરે, ઓફિસમાં, પ્રભુમંદિરમાં કે ફળિયામાં "ગુજરાતી ક્રિશ્ચિયન્સ ઘરસંગત બાઈબલ અભ્યાસ જૂથ" આજે જ શરૂ કરો. અઠવાડિયાના કોઈપણ અનુકૂળ દિવસે એક કલાકનો સમય ફાળવીને ઈશ્વરના આશીર્વાદિત થાઓ.

જાન્યુઆરી–૨૦૨૦થી આપણે રોમનોને પત્રનો અભ્યાસ કરી રહ્યા છે. દર મહિને એક અધ્યાયનો સઘન અભ્યાસ કરીશું. દર અઠવાડિયે બાઈબલ અભ્યાસની શરૂઆત જે તે માસના આખાયે અધ્યાયનું વાંચન કરીને કરશો અને ત્યાર બાદ જે તે અઠવાડિયાના પ્રશ્નોના ઉત્તરો આપવા સાથે તમે પોતે તમારા મનમાં ઉદ્‌ભવેલા પ્રશ્નો રજૂ કરીને તેનો ઉત્તર આપવા ચર્ચા – વિચારણા કરશો. એક–બીજાના વિચારોની આપ–લે દ્વારા વચનોનો અદ્‌ભુત પ્રકાશ પામી શકશો સાથે સાથે ગત બે વર્ષમાં દરેક શાસ્ત્ર અભ્યાસને અંતે જે ચાર પ્રશ્નોની આપણે ચર્ચા કરતાં આવ્યાં છીએ તેની ચર્ચા તો કરવાની જ. જેવા કે,

૧) આ શાસ્ત્રભાગમાંથી તમે શું શીખ્યા? ૨) તમારે શું ન કરવું જોઈએ? ૩) તમે કેવી રીતે પોતાને સુધારશો? ૪) તમે આ ત્રણે પ્રશ્નોની બાબતોને કેવી રીતે આધીન થશો?

## આ માસનો શાસ્ત્રપાઠ (દરેક અઠવાડિયે વાંચવાનો): રોમનોને પત્ર : અધ્યાય ૭

## આ મહિનાના પ્રશ્નો :

**પ્રથમ સપ્તાહ :**

૧. લગ્નની યોજના પ્રમાણે બે વ્યક્તિ વચ્ચે અતૂટ કબૂલાત હોવા છતાં, રોમન ૭:૨-૩ અનુસાર એવી કઈ બાબત છે જે લગ્નનો અંત લાવે છે? અને જૂના કરારમાં તેનો શો મતલબ છે?

૨. પ્રેરિત પાઉલ કહે છે કે, જૂના કરારના નિયમનો અંત આવ્યો છે, કારણ કે ઈસુ ખ્રિસ્ત મરણ પામ્યા છે. આપણા ઉપર નિયમ લાગુ ના થાય એટલે કોઈક મરણ પામ્યું છે. એવું બીજું કોણ મરણ પામ્યું છે, અને તે કેવી રીતે મરણ પામ્યા છે? (રોમન ૭:૪-૬)

૩. જૂના કરાર અને નવા કરાર વચ્ચેના એક મોટા તફાવતની વિશેષતા રોમન ૭:૬ છે. આ કલમમાં દર્શાવેલો આ તફાવત કયો છે? અને તેની સમજણ ખ્રિસ્તીઓને આપવી એ શા માટે મહત્ત્વનું છે?

**બીજું સપ્તાહ :**

૧. જો નિયમ આપણને પડકારવા માટે લલચાવે છે, તો ચોક્કસપણે નિયમ પાપનું કારણ છે? રોમન ૭:૭ માં પાઉલ તેનો શો જવાબ આપે છે? આ નિયમ કયો મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ જણાવે છે?

૨. નિયમ આપણા બંડને આગળ લાવીને ઉશ્કેરે છે તેમ છતાં આપણા માટે બંડનું કારણ એ નિયમ નથી. રોમન ૭:૧૧ માં આપણા બંડનું કારણ અને તેના પરિણામરૂપે આપણા આત્મિક મરણ વિષે પાઉલ શું કહે છે?

૩. વ્યક્તિને ભૂંડું કરવા માટે શું સારું છે અને શું ભૂંડું છે તે કેવળ જાણવું એ પૂરતું નથી. સમજાવો. (રોમન ૭:૧૪-૧૯)

**ત્રીજું સપ્તાહ :**

૧. ખ્રિસ્ત અને તેમના આત્મા દ્વારા પરિવર્તનના કાર્ય વગર આપણી પરિસ્થિતિ કેવી છે? (રોમન ૭:૧૮)

૨. કયા બે 'નિયમો' પાઉલ પોતાના જીવનમાં જુએ છે? (રોમન ૭:૨૧-૨૩)

**ચોથું સપ્તાહ :**

૧. સુવાર્તા વિષે રોમનનો સાતમો અધ્યાય આપણને શું શીખવે છે?

૨. આ અઠવાડિયે તમે શું શીખ્યા?

**પાંચમું સપ્તાહ :**

૧. પ્રભુ તમારી સાથે વાત કરી રહ્યા છે એવું તમને આ અભ્યાસમાં ક્યારે લાગ્યું?

૨. તમારો પ્રાર્થનામય પ્રત્યુત્તર લખો.

# કાવ્યોત્સવ

## તેમને વચનો સંભળાવો

પ્રભુ તો કહે છે, સઘળા મારી પાસે આવો,
બોજ તમારો મુજ પર નાખી તમો હળવા થાઓ.

જો હોય ડર ભટકવાનો, તો મારી પાછળ આવો,
તમારાં જીવનોને શુદ્ધ થવા, મારી પાસે લાવો.

મારાં વચનો મુજબ, વિશ્વાસસહ પ્રાર્થના કરતા રહો,
છે હજી અવિશ્વાસમાં જેઓ, તેમને વચનો સંભળાવો.

કહો તેમને કે વચનો સાંભળી, તમો પ્રભુ પાસે આવો,
તો તારણની ભેટનો, અવશ્ય મળશે તેમને મોટો લહાવો.

માંગ માફી 'નેલસન' પ્રભુને જો તારે ઓળખવો હોય તો,
જીવન બદલાઈ જશે, ને અવસર ન મળે પછી આવો.

**નેલસન જોન ક્રિસ્ટી, સુરત**

## કોરોના વાયરસ

કોરોના, કોરોના વાયરસ કેવો આવ્યો છે?
અહીં તહીં સર્વત્ર કાળો કેર વર્તાવ્યો છે?

એક નહિ બે નહિ દેશ વિદેશમાં તે ફેલાયો છે.
જન જીવનના બંધન કાજ લોકડાઉન કેવું લાવ્યો છે!

કોરોના વાયરસે દાનસ્વરૂપે બધે કેવો ભય ફેલાવ્યો છે?
પલકવારમાં જુઓ, તે મોતનું તાંડવ કેવું લાવ્યો છે?

જબરા હોય કે નબળા સૌને કેવો ઝપટમાં લાવ્યો છે?
પામર માનવીના જીવનનો મંત્ર બનીને તે આવ્યો છે.

કોરોના વાયરસના ભયથી બચવાનો છે એક ઉપાય
સૌ જન રાખો પ્રભુ પર ભરોસો તો ખચીત.

**મેજર વી. કે. પરમાર, આણંદ**

## ઓ કોરોના...

ઓ કોરોના તારા આવ્યાથી માનવ થયો દુ:ખી,
વિશ્વભરના તારા લોકથી નારાજ થયો શાથી?
આમ કેમ પ્રશ્ન થવાથી મનમાં થયો દુ:ખી,
કાલની કોને ખબર હતી કે આવું બનશે ખરું?
આજની વાતને સાંભળી લાગી બીક રોગ કોરોનાની,
વિજ્ઞાન તો હરણફાળ ભરી આગળ ધસમસતુ હતું,
અચાનક ભરખી ગયો કોરોના માનવજાતને,
જાણે કે અકસ્માત થયો ભયંકર દુનિયાભરમાં.
લાખો માનવો મૃત્યુને શરણે થઈ ગયા,
સગા સ્નેહી મિત્રોને રડતા મૂકી ગયા,
આખરે કુટુંબીજનો છેલ્લી ન આપી શક્યા વિદાયને,
લોકડાઉન થયાથી નીકળી ન શક્યા ઘરની બહાર.
વેતન ન મળતા લાચાર બની રડતા રહ્યા,
લાચાર ગરીબ માનવી ચાલ્યા ગયા વતનમાં,
ડૉક્ટરો, નર્સો, મેડિકલ સ્ટાફે સેવા કરી તેની,
ઑફિસરો, પોલીસ અધિકારીઓ મદદે આવ્યા તેની.
સૌના પાપ માફ કરી હટાવી દે જે કોરોનાને,
લોકડાઉન હટાવી દઈ કરજે મુક્તિ દેજે મનુષ્યને,
આભાર માનું તમારો જીવતા રાખ્યા અમોને.

**જ્યોતિબેન દિનેશ ખંભાતા, સુરત**



**શું આપે આજે ગુજરાતી ક્રિશ્ચિયન્સ સામયિકની સેવાઓ માટે પ્રાર્થના કરી?**



# પણ તમે કોણ છો?

But Who are you?
(7 Identifications from the Bible)



જયંતિ ક્રિશ્ચિયન

વહાલાઓ દરેક જગ્યાએ ID-Identification કે ઓળખપત્ર જરૂરી છે. તમે બીજા દેશમાં જાઓ તો પાસપોર્ટ-વિઝા વગેરે જોવા માગે. બેંકમાં જાઓ અને પૈસા ઉપાડવાના કે જમા કરવાના હોય તોપણ ID માગે. જો પોલીસ ટિકિટ આપે તોપણ ID લાયસન્સ જોવા માગે. તમે કોણ છો? હું કોણ છું? આપણે કોણ છીએ?

દુનિયામાં લોકો પોતે કેવા મહાન છે તે બતાવવા પ્રયત્ન કરે છે. પેલા ભાઈની વાત તમને ખબર હશે. રજનીશભાઈ. થોડાં પ્રવચનો આપ્યા એટલે આચાર્ય રજનીશભાઈ પછી તેમણે ગ્રૂપ ઊભું કર્યું અને પોતે જ ઈશ્વર બની ગયા! ભગવાન રજનીશ અને 'ઓશો' - આજે તેમનું નામ કે નિશાન પણ નથી. બાઇબલમાં એક વ્યક્તિ સબંધી લખ્યું છે. પ્રે.કૃ. ૫:૩૬મી કલમ "કેમ કે કેટલીક મુદત ઉપર થિયુદાસે બળવો કરીને કહ્યું, "હું એક મહાન પુરુષ છું. તેની સાથે આશરે ચારસો માણસ સામેલ થયા; તે માર્યો ગયો, અને જેટલાંએ તેનું માન્યું તેઓ સર્વ વિખરાઈ જઈને નાશ પામ્યા." ચિહ્નો - ચમત્કારો - અને નવાઈ પમાડે તેવી વાતો કરનારાઓથી સાવધાન રહો. પરંતુ આપણો વિષય છે - પણ તમે કોણ છો?

**બાઇબલ અનુસાર આપણી સાત ઓળખ -**
7 Identifications from the Bible

૧. **"હું ધૂળ છું" :** ઉત્પત્તિ ૨:૭ પ્રમાણે આપણને માટીમાંથી બનાવવામાં આવ્યા છીએ. "અને પ્રભુ યહોવાએ ભૂમિની માટીનું માણસ બનાવ્યું ને તેના નસકોરામાં જીવનનો શ્વાસ ફૂંક્યો અને માણસ સજીવ પ્રાણી થયું." ગી.શા. ૧૦૩:૧૪ માં દાઉદ પોતાના ગીતમાં કહે છે, "કેમ કે તે આપણું બંધારણ જાણે છે આપણે ધૂળના છીએ એવું તે સંભારે છે." આપણી ઉત્પત્તિ ધૂળમાંથી થઈ અને આપણા શરીરનું ડેસ્ટિનેશન પણ ધૂળ જ છે. પાપ આવ્યું એટલે શાપ આવ્યો અને શાપ આવ્યો એટલે મરણ આવ્યું. પ્રભુએ આદમને કહ્યું "તું ધૂળ છે અને પાછો ધૂળમાં મળી જશે." - ઉત્પત્તિ ૩:૧૯. સભા. ૩:૨૦ માં લખ્યું છે, "સર્વ એક જ જગ્યાએ જાય છે; સર્વ ધૂળના છે ને સર્વ પાછા ધૂળમાં મળી જાય છે." બોરસદમાં દફનક્રિયા વખતે ઘણીવાર આ ગીત સાંભળ્યું છે, "ધૂળ તો થશે દેહ આપણી ટકે કદા ન દેહ બાળ પૌઢનો. ધૂળના બન્યા ધૂળમાં જશે દરિદ્ર કે ધનાળ ધૂળ તો થશે."

૨. **"હું રાખ છું" :** સદોમ અને ગમોરાનો બુમાટો પ્રભુની આગળ પહોંચ્યો હતો. બીજા કોઈને નહિ પણ પ્રભુએ ઇબ્રાહિમને મિત્રના સંબંધે આ વાત જણાવી હતી. સદોમ અને ગમોરાનો નાશ. ઇબ્રાહિમ પ્રભુની આગળ ઊભા રહે છે અને (આરગ્યુમેન્ટ્રી) દલીલબાજીવાળી મધ્યસ્થી કરે છે. કોરોના વાયરસે જ્યારે આખા વિશ્વનો ભરડો લીધો છે ત્યારે આવી પ્રાર્થના કરનાર માણસોની તાતી જરૂરિયાત છે. પ્રભુને ૫૦ માંથી ૧૦ સુધી લાવીને તે દલીલ કરે છે. પણ તે પોતાનું ID કેવી રીતે આપે છે, એ તો જુઓ ઉત્પત્તિ ૧૮:૨૭ "અને ઇબ્રાહિમ ઉત્તર દઈને બોલ્યો, જો હવે હું ધૂળ તથા રાખ છું છતાં પ્રભુની આગળ બોલવાની હિંમત ધરું છું." દુ:ખસહન સપ્તાહના દિવસો 'એશ વેડનસ્ડે' (Ash Wednesday) થી શરૂ થાય છે. જેને રાખનો બુધવાર એમ કહેવામાં આવે છે. ઘણા ચર્ચીઝમાં પાસ્ટર લોકોના કપાળ ઉપર રાખથી વધસ્તંભની નિશાની કરે છે. ઘણા એવું બોલે છે, "તમે ધૂળના છો અને ધૂળમાં મળી જશો." પ્રભુના મોટા મોટા સેવકોને કસોટીમાંથી પસાર થવું પડ્યું. પ્રભુએ ઇબ્રાહિમની પરીક્ષા કરી. શાદ્રાખ, મેશાખ અને અબેદનગોની પરીક્ષા થઈ. અયૂબ નિર્દોષ, પ્રામાણિક અને ભૂંડાઈથી દૂર રહેનારો ઈશ્વરભક્ત

હતો. છતાં તેની પણ પરીક્ષા થઈ. પોતાના દુઃખનું વર્ણન કરતાં તે અયૂબ ૩૦:૧૯ માં આવું કહે છે, "તેણે મને કાદવમાં નાખી દીધો છે અને હું ધૂળ તથા રાખ જેવો થઈ પડ્યો છું."

૩. **"હું ઘાસ છું"** : સાંભળો, પ્રભુનું વચન શું પોકારવાનું કહે છે. યશા. ૪૦:૬-૮ "પોકાર એવું કોઈ કહે છે, તેણે પૂછ્યું કે શું પોકારું? સર્વ મનુષ્ય ઘાસ જ છે, ને તેમનું સર્વ સૌંદર્ય ખેતરના ફૂલ જેવું છે; ઘાસ સુકાઈ જાય છે, ફૂલ ચીમળાઈ જાય છે; કેમ કે યહોવાનો વાયુ તે પર વાય છે, લોક ખચીત ઘાસ જ છે. ઘાસ સૂકાઈ જાય છે, ફૂલ ચીમળાઈ જાય છે; પણ આપણા પ્રભુનું વચન સર્વકાળ સુધી કાયમ રહેશે." આગળ ૫૧ મા અધ્યાયમાં તે આમ કહે છે. યશા. ૫૧:૧૨ "જે તમને દિલાસો દે છે તે હું હું જ છું. તું કોણ છે કે મરનાર માણસથી, અને માનવી જે ઘાસના જેવો થઈ જશે તેથી તું બી જાય છે?" માણસોથી બ્હીવો નહિ પણ પ્રભુની બીક રાખો. માણસો તો ઘાસ જેવા છે. પ્રભુનો સેવક દાઉદ આકુળ-વ્યાકુળ થઈને પ્રભુની પ્રાર્થના કરે છે. ગી.શા. ૧૦૨:૪ માં તે આવું કહે છે, "મારું હૃદય તો ઘાસના જેવું કપાયેલું તથા ચીમળાયેલું છે." આગળ ૧૧મી કલમમાં તે કહે છે, "મારા દિવસો નમતી છાયાના જેવા છે અને ઘાસની પેઠે હું ચીમળાઇ ગયો છું."

બિલી ગ્રેહામ પોતાના પુસ્તક - 7 Deadly Sin - સાત ખતરનાક પાપોમાં - અભિમાનને નંબર વન આપે છે. દાનિયેલ ૪:૩૦ માં નબૂખાદનેસ્સાર રાજા બાબેલના રાજમહેલની અગાશી ઉપર ફરતાં ફરતાં શું બોલે છે તે સાંભળો, "ત્યારે તે બોલ્યો કે આ મહાન બાબિલ જે મેં રાજ્યગૃહ થવા સારુ બાંધ્યું છે, તે શું મારા મોટા પરાક્રમથી તથા મારા માહાત્મ્યનો પ્રતાપ વધારવા માટે નથી?" વહાલાઓ, આ વાક્યમાં આપણે શું જોઈએ છીએ? પોતાપણું - હુંપણું અને અભિમાન. me - mine - and myself હવે પ્રભુ શું કહે છે તે સાંભળો. કલમ ૩૧. "આ શબ્દો રાજાના મુખમાં જ હતા એટલામાં આકાશમાં એવી વાણી તેને કાને પડી કે, "હે નબૂખાદનેસ્સાર રાજા, એ વચન તને કહેવામાં આવે છે: રાજ્ય તારી પાસેથી ગયું છે તને મનુષ્યમાંથી હાંકી કાઢવામાં આવશે ને તારો વાસ વનચર પશુઓ સાથે થશે; તને બળદની પેઠે ઘાસ ખવડાવવામાં આવશે." ૩૩મી કલમમાં લખ્યું છે, "તેણે બળદની પેઠે ઘાસ ખાધું."

વહાલાઓ, અભિમાન કરવું હોય તો એક જ બાબતમાં કરો. ગલાતી ૬:૧૪ "પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના વધસ્તંભ સિવાય હું બીજા કશામાં અભિમાન કરું એવું ન થાઓ; તેથી કરીને મારા સબંધી જગત વધસ્તંભે જડાયું છે અને જગત સબંધી હું." વધસ્તંભે જડાયેલો માણસ જ વધસ્તંભમાં અભિમાન કરી શકે. શું તમે વધસ્તંભે જડાયા છો?

૪. **"હું કીડો છું"** : પ્રભુનો સેવક દાઉદ પ્રબોધક હતો. ગી.શા. માં તેણે પ્રભુ ઈસુ ખ્રિસ્તના સંબંધમાં ઘણી પ્રબોધવાણી કરી છે. ગી.શા. ૨૨:૬ માં તે લખે છે, "પણ હું તો માત્ર કીડો છું માણસ નથી, માણસોથી ધિક્કાર પામેલો તથા લોકોથી તુચ્છ ગણાયેલો છું." તે પોતા માટે પણ આવું કહે છે અને પ્રભુ ઈસુ માટે પણ તે આવું કહે છે. પ્રભુનો મહાન સેવક આઈઝેક વોટ્સ ભજનસંગ્રહના ગીત નં. ૧૧૩ માં પોતાને કીડા સાથે સરખાવતાં આવું લખે છે:

*"શું રક્ત વહ્યું ત્રાતા તારું! શું મુજ રાજા મર્યો!*
*મુજ જેવા કીડાને સારુ યજ્ઞ મહા કર્યો!"*

પવિત્રતા સંબંધી વિચાર કરતાં પ્રભુનો સેવક અયૂબ ૨૫:૬માં આવું લખે છે. "તો મનુષ્ય જે કીડા જેવો છે તે, અને મનુષ્યપુત્ર જે કીડો જ છે તે કેવી રીતે પવિત્ર હોઈ શકે!" પોતાના પસંદ કરેલા યાકૂબને યશાયા ૪૧ અને ૧૪ માં કેવું સંબોધન કરે છે. "હે કીડા સમાન યાકૂબ."

આપણે પોતાના સંબંધી કેવા ખ્યાલો ધરાવીએ છીએ? રોમન ૧૨:૩. "વળી મને આપેલા કૃપાદાનને આશરે હું તમારામાંના દરેક જણને કહું છું કે, પોતાને જેવો ગણવો જોઈએ, તે કરતાં વિશેષ ન ગણવો; પણ ઈશ્વરે જેટલે દરજ્જે દરેકને વિશ્વાસનું માપ વહેંચી આપ્યું છે, તેના પ્રમાણમાં દરેકે પોતાને યોગ્ય ગણવો. (ક્રમશઃ)

બીજી ત્રણ બાબતો આવતા અંકે જોઈશું.

**જયંતિ ક્રિશ્ચિયન, ફિલાડેલ્ફીયા, યુ.એસ.એ.**

પ્રશ્ન મંચ

# નિરાકરણ

# શાસ્ત્ર સંબંધી સવાલોનું સચોટ સ્પષ્ટીકરણ



**સવાલ : પાઉલ પ્રેરિત તિમોથી માટેના કયા ભવિષ્યવચનની વાત કરે છે?** **ડો. ઈમાનુએલ જી. ક્રિશ્ચિયન**

પાઉલ પ્રેરિત તિમોથીને લખેલા પત્રમાં તેને સંબોધીને કહે છે, "દીકરા તિમોથી, તારે વિષે અગાઉથી થયેલા ભવિષ્યવચન પ્રમાણે હું તને આજ્ઞા આપું છું કે, તે ભવિષ્યકથનોની સહાયથી તું સારી લડાઈ લડ." (૧ તિમ. ૧:૧૮). આ સંદર્ભમાં સવાલ પૂછવામાં આવ્યો છે કે આ કયું ભવિષ્યવચન હતું, કોણે અને ક્યારે કરેલું?

આ અને આની સાથે સંકળાયેલી તિમોથીને પાઉલ પ્રેરિતે લખેલા બે પત્રોની કેટલીક કલમોથી એ સ્પષ્ટ થાય છે કે પાઉલ પ્રેરિતે તિમોથીને સેવાકાર્યમાં દીક્ષા આપી તે સમયે તેણે તથા તેની સાથે વડીલોએ તેના માથે હાથ મૂકીને તેને સેવાકાર્યમાં સફળતાનો આશીર્વાદ આપ્યો હશે જે વાતને અહીં ભવિષ્યકથનો તરીકે ઉલ્લેખવામાં આવી છે.

તિમોથીને લખેલા બીજા પત્રમાં પાઉલ તેને સંબોધીને કહે છે, "માટે હું તને યાદ દેવડાવું છું કે ઈશ્વરનું જે કૃપાદાન મારા હાથ મૂકવાથી તને મળ્યું તેને તારે પ્રદીપ્ત કરવું." (૨ તિમ. ૧:૬). તેવી જ વાત તેના પહેલા પત્રમાં છે, "જે કૃપાદાન તારામાં છે, જે પ્રબોધ દ્વારા વડીલોના હાથ મૂકવાથી તને આપવામાં આવ્યું હતું, તે વિષે તારે બેદરકાર રહેવું નહિ." (૧ તિમ. ૪:૧૪). તેમ જ, "હે તિમોથી, જે તને આપવામાં આવ્યું છે તે સંભાળી રાખ." (૧ તિમ. ૬:૨૦).

ઉપરની ત્રણ કલમો (૧ તિમ. ૧:૧૮, ૪:૧૪; ૨ તિમ. ૧:૬) પરથી જણાય છે કે તિમોથીના દીક્ષાવિધિ વખતે વડીલોના હાથ મૂકવાથી તેને આ કૃપાદાન મળવાનું ભવિષ્યવચન કરવામાં આવ્યું હશે જે કૃપાદાનનો તિમોથીએ તેના સેવાકાર્યમાં વિશ્વાસુપણે ઉપયોગ કરવાનો. તે સાથે પ્રબોધ દ્વારા આપવામાં આવેલા કૃપાદાનની વાત છે. તેના દીક્ષાવિધિ વખતે વડીલોના હાથ મૂકવાથી આ કૃપાદાન તેને આપવામાં આવ્યું હશે, જેમ પ્રેરિતોના સમયમાં ઘણી વાર થતું. (પ્રે.કૃ. ૮:૧૪-૨૪). કયું કૃપાદાન તે સ્પષ્ટ નથી. પણ બન્ને પત્રોના સંદર્ભમાંથી પ્રબોધવચનના કૃપાદાનનો અર્થ વ્યક્ત થાય છે. ૧ તિમોથી ૪:૧૩-૧૪માં શાસ્ત્રવચનના બોધ તથા કૃપાદાનની વાત એક સાથે કરવામાં આવી છે અને પત્રોમાં અવારનવાર પાઉલ પ્રેરિત તેને પાળકીય સેવાકાર્ય અંગે સલાહ આપે છે. આ પત્રો લખાયાના સમયે તિમોથી એફેસસની મંડળીનો પાળક હતો.

તિમોથીનો દીક્ષાવિધિ ક્યારે કરવામાં આવ્યો તે જણાવ્યું નથી. પણ એમ લાગે છે કે પાઉલ જ્યારે તેના સેવાકાર્યની બીજી મુસાફરીની શરૂઆતમાં તિમોથીને પોતાની સાથે લઈ જવા પસંદ કરે છે અને તેનો સુન્નતવિધિ કરે છે તે સમયે પાઉલ તથા બીજા વડીલોએ તેનો દીક્ષાવિધિ કર્યો હશે. (પ્રે.કૃ. ૧૬:૧-૩).

બાઇબલના સમયમાં ક્યારેક પિતા કે કોઈ વડીલ માથા પર હાથ મૂકીને આશીર્વાદ આપે ત્યારે તે આશીર્વાદ ભવિષ્યવચન ગણાતો અને ઈશ્વરની પ્રેરણાથી અપાયેલો તે આશીર્વાદ તે વ્યક્તિના જીવનમાં સાચો પડતો. જેમ કે ઇસહાકનો યાકૂબને આશીર્વાદ (ઉત. ૨૭) કે યાકૂબને તેના બાર દીકરાઓને આશીર્વાદ (ઉત. ૪૯). તેવા જ અર્થમાં તિમોથીના દીક્ષાવિધિ વખતે પાઉલ તથા વડીલોએ તેને આપેલા આશીર્વાદને પાઉલ ભવિષ્યવચન ગણે છે જે તિમોથીના અર્થમાં સાચું પડ્યું છે; ઈશ્વરે તેને પાળકના સેવાકાર્યમાં પ્રબોધવચનનું કૃપાદાન આપ્યું છે જેનો ઉપયોગ તે વિશ્વાસુપણે કરે તેવી પાઉલની તેને સલાહ છે.

આપણી ભારતીય સંસ્કૃતિમાં આજે પણ વડીલો બાળકો કે બાળકોનાં બાળકોને માથે હાથ મૂકીને આશીર્વાદ આપે છે કે કોઈ યુવાન વ્યક્તિને તે વ્યક્તિના બધાંને ગમે તેવા વ્યક્તિત્વને જોઈને કોઈ વડીલ તેના માટે આશીર્વાદજનક ભવિષ્યવચન કરે કે બેટા, ઈશ્વર તારો તેમના મહિમા માટે ઉપયોગ કરશે, જે વચન સામાન્ય રીતે સાચું પડતું હોય છે. ✍

**ડો. ઈમાનુએલ જી. ક્રિશ્ચિયન**

# શાંત સમયે

## શાસ્ત્રવાંચન : ૨ કરિં. ૪: ૧૬-૧૮, યાકૂબનો પત્ર ૧: ૨-૪

**... જો કે અમારું બાહ્ય મનુષ્યત્વ ક્ષય પામે છે, તો પણ અમારું આંતરિક મનુષ્યત્વ રોજરોજ નવું થતું જાય છે. (૨ કરિં. ૪: ૧૬)**

**મારા ભાઈઓ જ્યારે તમને તરેહ તરેહનાં પરીક્ષણો થાય છે ત્યારે તેમાં પૂરો આનંદ માનો. (યાકૂબ ૧: ૨)**

મનુષ્યજીવનમાં નાની કે મોટી માંદગી ચિંતા, ભય, મિશ્ર લાગણીઓ અને અવ્યવસ્થા સર્જે છે. વિશ્વમાં કરોડો લોકો આપણે કલ્પી પણ ન હોય તેવી જાત જાતની જીવલેણ માંદગીમાંથી હાલ પસાર થઈ રહ્યાં છે. દર્દીની સાથે સાથે તેનાં કુટુંબીજનો, મિત્રો અને કાળજી લેનારાંઓની પણ કસોટી થાય છે.

ઘણી જીવલેણ માંદગી ધીરે ધીરે દર્દીના શરીરને ખલાસ કરી નાંખે છે. પણ પ્રભુ ઈસુ ખ્રિસ્તને અંગત તારનાર તરીકે ઓળખનાર વ્યક્તિ પોતાની માંદગીને અલગ દૃષ્ટિકોણથી જુએ છે. જે લોકો પ્રભુ ઉપર પ્રેમ રાખે છે તેમનાં જીવનોમાં ઈશ્વરપિતા ક્યારેક અયૂબની માફક કસોટીરૂપે માંદગી આવવા દે છે. એવા સમયોમાં માંદગીની સમગ્ર પરિસ્થિતિ ઉપર ઈશ્વરનું સંપૂર્ણ નિયંત્રણ હોય છે. ખ્રિસ્તને માટે એક સાક્ષી ઊભી થાય અને ઈશ્વરપિતાના કામ તેઓમાં પ્રગટ થાય (યોહાન ૯:૩) તે સારુ વિશ્વાસીઓ કેટલીકવાર માંદગીમાંથી પસાર થાય છે.

ઘણાં બધા લોકોને માંદગીના બિછાને જ્ઞાન પ્રાપ્ત થાય છે અને તેઓ ઉચ્ચ પ્રકારની આત્મિક વૃદ્ધિ પ્રાપ્ત કરે છે. મૃત્યુને આરે આવી ગયેલા અને દવાખાનાના બિછાને પડ્યા પડ્યા જીવનની વ્યર્થતા વિષે વિચારનારા લાખો લોકો રોજેરોજ પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરીને તારણ અને સાજાપણું પ્રાપ્ત કરે છે. માટે જ ગીતકર્તા કહે છે, "દુઃખી થયા પહેલાં હું આડે રસ્તે ગયો હતો; પણ હમણાં હું તમારું વચન પાળું છું." (ગી. શા. ૧૧૯: ૬૭) માંદગીને કારણે ભલે તેમનું માનવીય શરીર ધીરે ધીરે નષ્ટ થઈ રહેલું જણાય તો પણ તેમનો આત્મા ઈશ્વર સાથેના નવા સંબંધ અને સંપર્ક વડે સામર્થ્યથી ભરપૂર થાય છે. તેમનો આત્મા નવિનીકરણ પામીને અનંતકાળિક સફર અને સ્વર્ગીય જીવન માટે તૈયાર થાય છે.

આપણા સમર્થ ઈશ્વરનું એક નામ 'યહોવા-રાફા' એટલે કે સાજાપણું આપનાર ઈશ્વર છે. આપણા મહાન પ્રભુનો આદેશ ગમે તેવી બીમારીએ માનવો પડે છે. 'કેમ કે તને સાજો કરનાર હું યહોવા છું' (નિર્ગ. ૧૫: ૨૬) ઈશ્વરનો અગ્નિ બીમાર અંગોની મલીનતાઓને બાળી મૂકે છે. "કેમ કે હું તને આરોગ્ય આપીશ, ને તારા ઘા રુઝવીશ" (યર્મિ. ૩૦: ૧૭).

ખ્રિસ્તી વ્યક્તિઓને માંદગી કે મરણ ડગાવી શકતું નથી. કારણ કે તેમને માટે દુઃખ, પીડા, રુદન વગરના અનંતકાળના સ્વર્ગીય જીવનની મહાન આશા હોય છે. તે જીવનમાં કોઈ જ શારીરિક વ્યાધિઓ નથી. "તે તેઓની આંખોમાંનું દરેક આંસુ લૂછી નાંખશે; મરણ ફરીથી થનાર નથી; તેમ જ શોક કે રુદન કે દુઃખ ફરીથી થનાર નથી; પ્રથમની વાતો જતી રહેલી છે." (પ્રકટી. ૨૧: ૪)

માંદગીને એક કસોટી અને પરીક્ષણ ગણીએ તો યાકૂબનો પત્ર જણાવે છે કે "જ્યારે તમને તરેહ તરેહનાં પરીક્ષણો (માંદગીઓ) થાય છે ત્યારે તેમાં પૂરો આનંદ માનો; કેમ કે તમે જાણો છો તમારા વિશ્વાસની પરીક્ષામાં પાર ઊતર્યાથી ધીરજ ઉત્પન્ન થાય છે. તમે પરિપક્વ અને સંપૂર્ણ થાઓ, અને કશામાં અપૂર્ણ રહો નહિ, માટે ધીરજને પોતાનું કામ પૂરેપૂરું કરવા દો."

માંદગી આપણને પરિપૂર્ણ બનાવે છે, પ્રેમાળ બનાવે છે, આત્મિક રીતે સજ્જ કરે છે, પરિવારજનોની નિકટ લાવે છે, ઈશ્વરપિતાના માહાત્મ્યનો અનુભવ કરાવે છે અને માંદગીરૂપી કસોટી કે પરીક્ષણ સફળતાપૂર્વક પાર પાડતાં અયૂબની માફક બમણો આશીર્વાદ પમાડે છે!



# સિંહ ઉપકાર ભૂલતો નથી

ડો. ઈમાનુએલ જી. ક્રિશ્ચિયન

રોમન સામ્રાજ્યમાં લાખોની સંખ્યામાં ગુલામો હતા. ઈસુ ખ્રિસ્તના સમયમાં રોમન સામ્રાજ્યના ૩૫થી ૪૦ ટકા, ૨૫થી ૩૦ લાખ, લોકો ગુલામો હતા. તેમાંના એક ગુલામની આ એક સત્યઘટના છે. તેનું નામ એન્ડ્રોક્લીસ. ગુલામગીરી બહુ જ ક્રૂર પ્રથા હતી અને ગુલામોને કોઈ અધિકાર નહોતા. એટલે દરેક ગુલામના જીવનની એક જ મહેચ્છા હોય કે તેને કાં તો સારો માલિક મળે જે તેની સાથે સહાનુભૂતિભર્યો વ્યવહાર કરે, કાં તો તેને કોઈ ગુલામગીરીમાંથી છોડાવે. પણ આ બે વાત જવલ્લે જ બનતી. એટલે દરેક ગુલામ પોતે ભાગી છૂટવાનો પ્રયાસ કરે. પણ ભાગી છૂટેલા ગુલામને શોધી કાઢવા તેનો માલિક પોતાના બનતા બધા જ પ્રયાસ કરે અને જ્યારે તે પકડાય ત્યારે તેને માટે એક જ શિક્ષા, મરણ. અને તે પણ ક્રૂર મરણ. મોટા રમતના મેદાનમાં હજારો પ્રેક્ષકોના દેખતાં તેને સિંહોના મુખમાં નાખવામાં આવે. અને જો કદાચ તેનો માલિક દયાળુ હોય અને પોતાના ગુલામને સિંહના મોંમાં ના નાખવા માગતો હોય, તો ગુલામના કપાળ પર ડામથી નિશાની મૂકે જેના પર ભાગી છૂટેલા ગુલામની નિશાની હોય જે તેણે બાકીના જીવન દરમિયાન લઈને ફરવાનું.

એન્ડ્રોક્લીસનો માલિક બહુ ક્રૂર હતો. એન્ડ્રોક્લીસ પોતે ભાગી છૂટવા માટે સતત તક શોધ્યા કરતો હતો. અને એક દિવસ તે તક મળતાં ભાગી છૂટ્યો. આવી રીતે ભાગી છૂટેલા ગુલામને સંતાવાની કોઈ જગા ના મળે કે કોઈ તેને સંતાડવાનું જોખમ ના લે. કારણ જે કોઈ આ રીતે ભાગી ગયેલા ગુલામને આશ્રય આપે તો તેને પણ ગુલામના જેવી જ શિક્ષા થાય.

એન્ડ્રોક્લીસ માટે એક જ વિકલ્પ; દૂર દૂર જંગલમાં ભાગી જવાનું. લોકોની વસતીથી દૂર જ્યાં કોઈની અવરજવર ન હોય. જ્યાં કોઈ તેનો પીછો ન પકડે. એન્ડ્રોક્લીસ જંગલમાં ભાગી છૂટ્યો. કોઈ આરામ લેવાની કે રોકાવાની જગા ના મળે. આમતેમ રાતદિવસ રખડતો ફરે. છેવટે એક ગુફા જેવી જગા મળી. તેણે વિચાર્યું કે આ રાત ગાળવા માટે સારી જગા છે. દિવસે ગરમી અને રાતે ઠંડીથી બચી જવાય અને સંતાઈને રહી પણ શકાય.

સાંજનો સમય થવા આવ્યો. એન્ડ્રોક્લીસ ગુફામાં આડો પડ્યો છે. ત્યાં તેને ઘુરકાટ સંભળાયો. એન્ડ્રોક્લીસને ખબર નહોતી કે આ તો એક સિંહની ગુફા હતી. આ તો ઊલમાંથી ચૂલમાં પડ્યા જેવી વાત થઈ. એન્ડ્રોક્લીસ ગુફાની અંદર છે અને સિંહ ગુફામાંથી બહાર નીકળવાનો રસ્તો રોકીને ઊભો છે. એન્ડ્રોક્લીસને થયું, હવે તો મર્યા જ સમજો. પણ તેના આશ્ચર્ય વચ્ચે તેણે જોયું કે સિંહ તેની ઉપર તરાપ મારવાને બદલે શાંતિથી ઊભો છે. ઘૂરકિયું કરવાને બદલે તેની સામે એકી ટશે જોઈ રહ્યો છે. તે સાથે તેણે એ પણ જોયું કે સિંહનો એક પગ જમીનને અડકતો નથી. સિંહ ભારે પીડામાં હોય તેવું લાગ્યું.

એન્ડ્રોક્લીસ લાંબો સમય રાહ જોઈને પડ્યો રહ્યો. આવા સમયે એક એક ક્ષણ અનંતકાળ જેવી લાગે. પણ સિંહ ત્યાં શાંતિથી ઊભો રહેલો. હિંમત કરીને, પોતાનો જાન મુઠ્ઠીમાં મૂકીને, એન્ડ્રોક્લીસ બીતો બીતો ધીમે ધીમે સિંહની તરફ સરક્યો. થોડી વાર વધારે રોકાયો. જ્યારે સિંહ શાંત જ ઊભો રહ્યો ત્યારે ધીમેથી તેની પાસે જઈને જે પગ જમીનથી ઊંચો હતો તે પગ તેણે હાથમાં લઈને તપાસ્યો. પગમાં મોટી શૂળ ભોંકાયેલી હતી જેને કારણે સિંહ ભારે પીડામાં હતો. એન્ડ્રોક્લીસે ધીમે રહીને સિંહના પગમાંથી શૂળ ખેંચી કાઢી. સિંહે ધીમેથી પગ જમીન પર મૂક્યો અને જાણે ભારે નિરાંત અનુભવતો હોય તેમ ચારે પગ પર શાંતિથી ઊભો રહ્યો.

તે ક્ષણથી એન્ડ્રોક્લીસ અને સિંહ બન્ને એકબીજાના મિત્રો થઈ ગયા. સિંહ શિકાર કરી લાવે અને એન્ડ્રોક્લીસ જંગલમાં થોડી આગ સળગાવીને સિંહે

લાવેલું માંસ પકાવે અને ખાય. દિવસ દરમિયાન સિંહની સાથે પાણીના ઝરણા પાસે જાય અને ત્યાં તેને પીવાનું પાણી મળે. રાત્રે સિંહની સાથે આરામથી ઊંઘી પણ જાય. એમ કરતાં લાંબો સમય પસાર થઈ ગયો. એન્ડ્રોક્લીસ જંગલના જીવનથી ટેવાઈ ગયો. ક્રૂર માલિકનો જુલમ સહન કરવા કરતાં આ જંગલનું સ્વતંત્ર જીવન તેને ગમી ગયું.

પણ આ બાજુ તેનો માલિક તેને સહેલાઈથી જવા ન દે. નાસી છૂટેલા ગુલામની સતત શોધ ચાલુ જ રહે. તેને શોધી લાવનારને મોટું ઈનામ આપવામાં આવે. એટલે બધા લોકો પણ એ ઈનામની લાલચમાં નાસી છૂટેલા ગુલામની સતત તલાશમાં રહે. એક દિવસે રોમન સૈનિકોની નાની ટુકડી જંગલમાં થઈને પસાર થઈ રહી હતી. તેમણે દૂરથી ધૂમાડો જોયો. સંતાતા સંતાતા ધુમાડો હતો ત્યાં આવ્યા અને એન્ડ્રોક્લીસને જોયો. એન્ડ્રોક્લીસ છેવટે પકડાઈ ગયો.

તેને ભૂખ્યા સિંહના જડબામાં નાખવાની શિક્ષા હતી. તેનો દિવસ નક્કી કરવામાં આવ્યો. નક્કી કરેલા દિવસે એન્ડ્રોક્લીસને રમતના મોટા મેદાનમાં લાવવામાં આવ્યો. હજારોની સંખ્યામાં પ્રેક્ષકો આ ખેલ જોવા ભેગા થયેલા હતા. આવા સમયે સિંહને પણ કેટલાક દિવસો સુધી ભૂખ્યો રાખવામાં આવતો કે જેથી પોતાનો શિકાર જોતાંની સાથે તેના પર તૂટી પડે. એન્ડ્રોક્લીસના હાંજા ગગડી ગયાં. પાંજરામાં સિંહ બરાડી રહ્યો હતો તે દૂરથી સંભળાય. સિંહના ઘૂરકિયાંથી આખું રમતનું મેદાન ગાજી ઊઠેલું. લોકો પણ મોટા અવાજે પોકારી રહ્યા હતા. ક્યારે સિંહને પાંજરામાંથી છોડવામાં આવે અને ગુલામના ટુકડેટુકડા કરી નાખે તેની પ્રતીક્ષામાં હતા.

છેવટે સિંહને છોડવામાં આવ્યો. સિંહ એન્ડ્રોક્લીસ પર ધસી આવ્યો. એન્ડ્રોક્લીસે મોટે ઘાંટે જોરથી બૂમ પાડી. પણ આ બૂમ તેના મરણનો છેવટનો ચિત્કાર નહોતો, પણ આનંદનો પોકાર હતો. કારણ આ તો એ જ સિંહ હતો જેના પગમાંથી તેણે શૂળ ખેંચી કાઢી હતી અને જે તેનો મિત્ર બની ગયો હતો. તેના પકડાવાના દિવસે જ તે સાંજે પેલા સિપાઈઓએ આ સિંહને પણ પકડેલો.

પ્રેક્ષકો મોટા અવાજે બરાડવા લાગ્યા, સિંહને ઉશ્કેરવા લાગ્યા. પણ તેમણે જોયું કે એન્ડ્રોક્લીસ સિંહને બાથમાં લઈને ઊભો છે. બન્ને જણ એકબીજાને ભેટી રહ્યા છે. સિંહ તેની સામે આળોટી રહ્યો છે, તેની સાથે ગેલ કરી રહ્યો છે. એન્ડ્રોક્લીસ તેને થાબડી રહ્યો છે. બધા મૂંઝવણમાં પડી ગયા. આ કેવી રીતે બને?

એન્ડ્રોક્લીસે જોરથી પોકારીને બધા પ્રેક્ષકોને સંબોધીને કહ્યું, “હું માણસ છું. પણ માણસની દુનિયામાં મારી સાથે પશુ જેવો વ્યવહાર કરવામાં આવતો હતો. માણસોની દુનિયામાં મારો કોઈ મિત્ર નહોતો. પણ આ પશુ સિંહ મારો મિત્ર બન્યો. મારી સંભાળ લીધી. મારી જરૂરિયાતો પૂરી પાડી અને મેં એક વખત તેના પગમાંથી શૂળ ખેંચી કાઢીને તેની મદદ કરી તેનો ઉપકાર કદી ભૂલ્યો નથી.”

એન્ડ્રોક્લીસને સ્વતંત્રતા બક્ષવામાં આવી. સિંહને પણ છૂટો કરવામાં આવ્યો અને જિંદગીના બાકીના દિવસો બન્ને મિત્રોએ એકબીજાની સોબતમાં ગાળ્યા.✍

**ડો. ઈમાનુએલ જી. ક્રિશ્ચિયન**

---

## સાતમી મુદ્રા

**અનુસંધાન પાના નં. ૧૬નું ચાલુ...**

ત્યારે પ્રભુ મુદ્રા છાપ મારે છે કે હું તમને ઓળખુ છું. (૨ તિમોથી ૨:૧૯) બીજાને તો કહેશે કે હું તમને ઓળખતો નથી. (માથ્થી ૨૫:૧૨) પણ પ્રભુ ઈસુ આપણો કૃપાવંત ઈશ્વર તેની કૃપા એટલી બધી મનુષ્યજાત પર થઈ કે આ ભયાનક સમયોમાં પણ પવિત્ર આત્માએ કોઈથી ગણી ના શકાય એટલા બધા લોકોનું તારણ કર્યું. જેઓ ફક્ત વિદેશીઓમાંના એટલે ઇસ્રાએલ પ્રજાના નહિ એવા લોકો તેઓ રાજ્યાસનની આગળ તથા હલવાનની આગળ ઊભેલા હતા; તેઓએ શ્વેત ઝભ્ભા પહેરેલા હતા, અને તેઓના હાથમાં ખજૂરીની ડાળીઓ હતી; ૧૦ તેઓ મોટે સાદે પોકારીને કહે છે કે, અમારો ઈશ્વર જે રાજ્યાસન પર બેઠેલો છે, તેને તથા હલવાનને તારણને માટે ધન્યવાદ હોજો. (પ્રક્ટી. ૭:૯b-૧૦) તારણનું દ્વાર ખુલ્લું છે. સલામતીની મુદ્રા લેવાનો સમય ખુલ્લો છે. આમંત્રણ ખુલ્લું છે. પસંદગી તમારી છે.✍

**સ્ટીવન્સ મેકવાન, ન્યૂયોર્ક, યુ.એસ.એ.**

★ ★ ★

# સાતમી મુદ્રા



સ્ટીવન્સ મેકવાન

પ્રકટીકરણ ૮:૧ જ્યારે તેણે સાતમી મુદ્રા તોડી, ત્યારે આશરે એક ઘડી સુધી આકાશમાં મૌન રહ્યું. અંગ્રેજી બાઇબલ પ્રમાણે અડધો કલાક આકાશમાં મૌન છવાઈ રહ્યું. પૃથ્વી અને તેમાં રહેનારાંઓ ઉપર જે આવી પડવાનું હતું તેથી, આકાશમાં સ્તબ્ધતા છવાઈ ગઈ. એ આપણને બતાવે છે કે હવે પૃથ્વી પર જે આવી પડવાનું છે તે કેટલું બધું ભયાનક હશે. છઠ્ઠી મુદ્રા તૂટવાનું આપણે ૬:૧૨માં વાંચ્યું અને તે વખતે થનાર ભયાનક મોટા ધરતીકંપ વિષે આપણે જોયું. પણ આ બે મુદ્રાની વચ્ચે આખો સાતમો અધ્યાય પવિત્ર આત્માએ મૂક્યો છે. એની પાછળ ખાસ હેતુ છે. આ સાતમા અધ્યાયમાં પહેલી કલમમાં ચાર દૂતોને પૃથ્વીના ચાર ખૂણા પર ઊભેલા અને ચાર વાયુને તેમણે અટકાવી રાખ્યા છે તે વાંચીએ છીએ. પછી પૂર્વ દિશામાંથી ચઢતા દૂત પાસે જીવતા ઈશ્વરની મુદ્રા જોઈએ છીએ. તેણે પેલા ચાર દૂતોને કહ્યું હમણાં થોભો, જ્યાં સુધી અમે ઈશ્વરના દાસોના કપાળ પર મુદ્રા કરી ન રહીએ ત્યાં સુધી તમે પૃથ્વીને, સમુદ્રને અથવા ઝાડોને ઉપદ્રવ કરશો નહિ. પછી જેઓ મુદ્રિત થયા તેઓ ફક્ત ઇસ્રાએલ પુત્રોના બાળ કુળોમાંથી જ મુદ્રિત થયા. દરેક કુળમાંથી બાર હજાર મુદ્રિત થયા. એટલે એક લાખ ચુમ્માલીસ હજાર મુદ્રિત થયા. પણ કોઈ વિદેશી મુદ્રિત થયા નથી. મુદ્રા એ ઈશ્વરની સલામતી બતાવે છે. પૃથ્વી પર જે કંઈ આવી પડે તેમાંથી તેમને બાકાત રાખવામાં આવે. જેમ આપણે પ્રકટીકરણ ૯:૩-૫ માં વાંચીએ છીએ. "અને ધુમાડામાંથી તીડો નીકળીને પૃથ્વી પર આવ્યાં, અને પૃથ્વી પરનાં વીંછુઓના જેવી શક્તિ તેઓને આપવામાં આવી. ૪. અને તેઓને એવું ફરમાવવામાં આવ્યું હતું કે, પૃથ્વીના ઘાસને, કોઈ લીલોતરીને તથા કોઈ પણ ઝાડને ઉપદ્રવ ન કરો, પણ જે માણસોના કપાળ પર ઈશ્વરની મુદ્રા નથી તેઓને ઉપદ્રવ કરો. ૫. વળી તેઓને એવી [આજ્ઞા] આપવામાં આવી કે તેઓ તેમને મારી નાંખે નહિ પણ પાંચ મહિના સુધી તેમને પીડા કરે; અને વીંછુ જ્યારે માણસને ડંખ મારે છે તે વખતની પીડા જેવી તેઓની પીડા હતી." વહાલાઓ, ત્યાર પછીની જે છઠ્ઠી કલમ છે તે અતિભયંકર બાબત પ્રગટ કરે છે. ૬. "તે સમયે માણસો મરણને માટે તલપી રહેશે પણ તે પામશે જ નહિ; અને તેઓ મરવાની બહુ ઇચ્છા રાખશે, પણ મરણ તેઓની પાસેથી નાસી જશે." એનો મતલબ એવો થયો કે જો કોઈ મરવાનો પ્રયત્ન કરે તો તે રિબાશે પણ મરશે નહિ. અત્યારે વિદેશીઓ માટે મુદ્રા લેવાનો સમય ખુલ્લો છે. પણ જેવી છઠ્ઠી મુદ્રા તૂટશે કે તે સમય પૂરો થઈ જશે. કેમ કે સાતમા અધ્યાયમાં એક લાખ ચુમ્માલીસ હજારને મુદ્રા કરવાની વાત પૂરી થયા પછી ૭:૯માં યોહાન જુએ છે કે સર્વ દેશોમાંથી આવેલા, સર્વ કુળના, લોકના તથા ભાષાના, કોઈથી ગણી શકાય નહિ એટલા માણસોની એક મોટી સભા... તેઓએ શ્વેત ઝભ્ભા પહેરેલા હતા..." હવે આ લોકો કોણ છે તે જોઈએ. ૭:૧૩-૧૪. પછી તે વડીલોમાંના એકે મને પૂછ્યું કે, જેઓએ શ્વેત ઝભ્ભા પહેરેલા છે તેઓ કોણ છે, અને ક્યાંથી આવ્યા છે? ૧૪. તેને મેં કહ્યું કે, મારા મુરબ્બી, તમે જાણો છો. તેણે મને કહ્યું, જેઓ મોટી વિપત્તિમાંથી આવ્યા તેઓ તે છે; તેઓએ પોતાનાં વસ્ત્ર ધોયાં, અને હલવાનના રક્તમાં ઊજળાં કર્યાં. આ મોટી વિપત્તિ એટલે કે પ્રક. ૧૬:૧ માં આપણે જોઈએ છીએ કે ઈશ્વરના કોપનાં સાત પ્યાલાં સાત દૂત પૃથ્વી પર રેડવાનાં છે તે. એનો અર્થ એ કે જે લોકોએ પ્રભુ ઈસુને પોતાના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા નથી અને નવો જન્મ પામ્યા નથી તે જો મુદ્રા કરવાનું બંધ થઈ જાય ત્યાં સુધીમાં જો મુદ્રા કરાવી નહિ લે તો પછી, ઈશ્વરની કૃપા, તેમની સલામતી, એવી મુદ્રા વગરની વ્યક્તિઓ સાથે રહેશે નહિ. તેથી અત્યારે જ્યારે બારણું ઉઘાડું છે ત્યારે પસ્તાવો કરવો અને પ્રભુ ઈસુને જીવન અર્પણ કરવું સારું છે.

અનુસંધાન પાના નં. ૧૫ ઉપર...

# તે દા'ડે



શ્રીમતી જે. આર. ક્રિશ્ચિયન

ન્યાય કરનાર ઊતરી આવશે;
તે દા'ડે હા, તે દા'ડે.
ઘેટાં ને બકરાં જુદાં પડાશે;
તે દા'ડે હા, તે દા'ડે.

ગ્રામ્યવિસ્તારમાં ગાયનટોળી દ્વારા ગવાતું આ ગીત નાનપણમાં સાંભળેલું. હાર્મોનિયમ, કાંસીજોડાં, મંજીરા, તબલાં સાથે ગવાતા આ ગીતનું તે વખતે મારે મન ફક્ત રાગનું જ મહત્ત્વ હતું. શબ્દોના અર્થની સમજ ન હતી. આજે તે દા'ડાની મહત્તા બરાબર સમજાય છે.

આપણે નાતાલ, નવું વર્ષ, ગુડફ્રાઈડે, ઈસ્ટર જેવા તહેવારો ચોક્કસ તારીખ-માસ પ્રમાણે દર વર્ષે ઊજવતા આવ્યા છીએ પણ આ "તે દા'ડા"ની નોંધ, કોઈ કેલેન્ડરમાં જોવા મળી નથી ને ભવિષ્યમાં જોવા મળશે પણ નહિ. જેમ ચોર ઓચિંતો આવી જાય છે, વીજળી ઝબકી જાય છે તેમ તે દા'ડો કે તે દિવસ આવી જશે. કોઈને એના આવવાના સમયની જાણ નથી. ફક્ત ઈશ્વરપિતા જ જાણે છે. એ મહાન દિવસ હશે ઈસુના પુનરાગમનનો - ન્યાયનો દિવસ. તે દિવસે ઈસુ પૃથ્વી પર હતા ત્યારના જેવા લોકોને ઉપદેશ આપનાર, પાપમાંથી છુટકારો આપનાર કે માંદાઓને સાજા કરનાર નહિ હોય પણ ન્યાયાધીશ હશે. તે દિવસે કોઈની પ્રાર્થના કે વિનંતી સાંભળવામાં આવશે નહિ. ફક્ત ચુકાદો જ સાંભળવાનો રહેશે. જો કે તે વખતે આપણું શરીર આત્મિક હશે છતાં આપણે એકબીજાને ઓળખી શકીશું, ભેટી શકીશું.

ભરવાડ જેમ ટોળામાંથી ઘેટાં-બકરાંને છૂટા પાડવા, ઘેટાંને પોતાની જમણી તરફ અને બકરાંને ડાબી તરફ રાખે છે તેમ તે દિવસે પ્રભુ જેઓનાં નામ જીવનના પુસ્તકમાં લખેલાં હશે તેમને પોતાની જમણી તરફ અને બાકીનાંને ડાબી તરફ રાખશે. જમણી તરફનાંને પ્રભુ કહેશે, "મારા બાપના આશીર્વાદિતો, આવો, જે રાજ્ય જગતનો પાયો નાખ્યા અગાઉ તમારા માટે તૈયાર કરવામાં આવેલું છે તેનો વારસો લો." પછી જેઓ ડાબી તરફ હશે તેમને કહેશે, "તમે જેઓ ઈશ્વરના કોપ નીચે છો તેઓ મારાથી દૂર થાઓ અને જે સાર્વકાલિક અગ્નિ શેતાન તથા તેના સેવકોને માટે તૈયાર કરવામાં આવ્યો છે, તેમાં પડો." ત્યારે તેમાંના કેટલાક કહેશે, "પ્રભુ પ્રભુ! અમે તો તમારા નામે ઈશ્વરનો સંદેશ પ્રગટ કર્યો છે, ઘણાં લોકોપયોગી કામો કર્યાં છે." પણ પ્રભુ તેમને જવાબ આપશે, "હું તમને ઓળખતો નથી."

પૃથ્વી પરના જીવન દરમિયાન આપણે કરેલાં સારા-નરસા દરેક કામની નોંધ સ્વર્ગમાં જીવનના પુસ્તકમાં કરવામાં આવે છે. ઈશ્વરથી છુપાવી શકાય એવી કોઈ જ બાબત નથી. તેમની સમક્ષ સૃષ્ટિની દરેક વસ્તુ ખુલ્લી તથા ઉઘાડી છે. લૂક ૧૬: ૧૯-૩૧માં એક ધનવાન અને એક ગરીબ માણસની વાત આવે છે. જેમાં બંનેના મરણ પછી નરકની ભયંકર વેદના ભોગવતા ધનવાન માણસે ઊંચે જોયું તો ગરીબ લાજરસને સ્વર્ગમાં ઇબ્રાહિમ પિતાની પાસે બેઠેલો જોયો. ત્યારે તેને પોતાની આવી પરિસ્થિતિનું ભાન થયું હશે. તેથી તેણે કેટલીક વિનંતીઓ કરી પણ એકે માન્ય થઈ નહિ. તેનો સમય વીતી ગયો હતો. આપણા માટે આ ઉદાહરણ દીવાદાંડી સમાન છે. ઈશ્વરપિતાએ જીવન આપ્યું છે ત્યાં સુધીમાં ચેતીએ. જે બાબતમાં પોતાને બદલાણની જરૂર છે, તે બાબતમાં બદલાણ માટે પ્રાર્થના કરીએ. પ્રભુ મદદ કરશે જો કે કોઈનો આત્મા નાશ ન પામે માટે પ્રભુ તે દા'ડા માટે વિલંબ કરી રહ્યા છે. જેથી લોકોને પસ્તાવા માટે પૂરતો સમય મળી રહે. છતાં આપણે ઊંઘતા ના ઝડપાઈએ તે માટે અંતના દિવસોમાં શું શું થશે તે આપણને માથ્થી ૨૪: ૩-

૨૭માં અગાઉથી જણાવી દીધું છે. તે મુજબ પ્રજા પ્રજાની વિરુદ્ધ ઊઠશે, રાજ્ય રાજ્યની વિરુદ્ધ ઊઠશે, યુદ્ધની અફવાઓ સંભળાશે, મરકી (રોગચાળો) ફેલાશે, ધરતીકંપ, વાવાઝોડાં થશે, દુકાળો પડશે, જૂઠા ઉપદેશકો ઊભા થશે, ઘણાને ભુલાવામાં નાખશે, અધિકારીઓ સમક્ષ લઈ જશે ને મારી નંખાવશે, લોકોનો પરસ્પર પ્રેમ ઠંડો પડી જશે, કુદરત પણ રૂઠશે, આકાશમાંથી તારાઓ ખરશે ને બીજી એવી આપત્તિ આવી પડશે કે તેના જેવી અત્યાર સુધી કદી પડી નથી.

હાલના સંજોગો જોતાં લાગે છે કે કુદરતે માનવજાતને જવાબ આપવાનું શરૂ કરી દીધું છે. મોસમમાં ફેરફાર દેખાઈ રહ્યો છે. કોઈ જગ્યાએ સીઝન વગરનો અતિ વરસાદ તો કોઈ જગ્યાએ પીવાના પાણીની પણ તંગી વર્તાય છે. કોરોના જેવા રોગ પ્રસરી રહ્યા છે. સગાં સંબંધીઓમાં પહેલાં રૂબરૂમાં કે પત્રો દ્વારા જે ગાઢ પ્રેમ જોવા મળતો હતો તેવો હાલ મોબાઈલના જમાનામાં જોવા મળતો નથી. પ. બંગાળ અને ઓરિસ્સામાં 'અમ્ફાન' વાવાઝોડાએ હજારો ઘરો ઉડાડી દીધાં. મોટી જાનહાનિ સર્જી. ગુજરાતમાં અરબી સમુદ્રમાં ઉદ્‌ભવેલું 'વાયુ' વાવાઝોડું જો કે ફંટાઈ ગયું હતું પણ વરસાદે કેર વરસાવ્યો હતો ને કચ્છ-સૌરાષ્ટ્રના કાંઠા વિસ્તારમાં તબાહી સર્જી હતી. ભૂકંપના સમાચાર તો અવારનવાર સાંભળીએ છીએ. ગ્લોબલ વોર્મિંગના કારણે હિમશિલાઓ તૂટીને સમુદ્રમાં તોતિંગ જહાજોને ડૂબાડી દે છે. અંતના સમયમાં 'જ્ઞાનની વૃદ્ધિ થશે' એ દાનિયેલ ૧૨ઃ૪ વચન મુજબ ચંદ્ર પર ઉતરાણની ને હવે મંગળ ગ્રહ માટે પણ હિલચાલ ચાલી રહી છે. ભવિષ્યમાં લોકો રોકેટમાં બેસી પરગ્રહ યાત્રાના અવકાશી પ્રવાસે જાય એ દિવસ દૂર નથી. આજકાલ યાંત્રિક માનવ-રોબોટ માણસના જેવાં કામો કરી રહ્યા છે. વિજ્ઞાનીઓનું જ્ઞાન વધતું જાય છે.

આવું બધું જોતાં લાગી રહ્યું છે કે તે દા'ડો નજીક આવી રહ્યો છે. માટે સાવધાન રહીએ જેથી નૂહના સમયમાં થયું એવું થાય નહિ. જેમ જળપ્રલય આવીને બધાને તાણી ગયો ત્યાં સુધી આજુબાજુ શું બની રહ્યું છે તે લોકો સમજ્યા નહિ. ખાતાપીતા રહ્યા, પોતાના કામકાજ કરતા રહ્યા. પરિણામે સર્વ સજીવોનો સંહાર થઈ ગયો. ફક્ત નૂહ અને વહાણમાં હતાં એટલાં જ બચી ગયાં (ઉત્પત્તિ ૬-૭).

માત્ર શ્વાસની આવનજાવન એ જ જીવન નથી, અંતરનો આનંદ એટલો જ જરૂરી છે. સાત્વિક જીવન જીવવા માટે આત્માના દીવા સળગતા રાખીએ. ઈશ્વરે આપેલાં તાલંતો-બક્ષિસોનો પ્રામાણિકપણે ઉપયોગ કરીએ. વિદ્યા આપવાના, સાજા કરવાના, સંદેશા આપવાના, અન્ય ભાષા બોલવાના, ભાષાંતર કરવાના કે બીજા ગમે તે તાલંત મળ્યાં હોય પણ પવિત્ર આત્મા દોરવણી આપે છે. ભલે સેવા કરવાની રીત અને આવડત જુદી જુદી હોય પણ સેવા તો એક જ પ્રભુની થાય છે (૧ કરિંથી ૧૨ઃ ૪-૧૧). હજી સમય મળ્યો છે ત્યાં સુધીમાં સમજીએ.

ઈશ્વરપિતા અમને તમારી ઇચ્છા મુજબ જીવન જીવવા શક્તિમાન બનાવો કે જેથી તે દા'ડે અમે પડતા ન મુકાઈએ પણ સ્વર્ગધામમાં પ્રવેશ પામી અનંતજીવનના ભાગીદાર બની શકીએ એ જ પ્રાર્થના.✍

**શ્રીમતી જે. આર. ક્રિશ્ચિયન, વડોદરા**

**'ગુજરાતી ક્રિશ્ચિયન્સ'** સામયિકને કોઈપણ મંડળી કે સંસ્થા દ્વારા આર્થિક સહાય મળતી નથી. સામયિકના વાચકો/ગ્રાહકો તરફથી મળેલાં પ્રેમભેટરૂપી દાનો દ્વારા જ સામયિકને નજીવો નાણાકીય ટેકો પ્રાપ્ત થાય છે. ગુજરાતી ક્રિશ્ચિયન્સ સામયિકની વિસ્તૃત સેવાઓ બાર વર્ષથી આપની નજર સમક્ષ છે. જો ઈશ્વરપિતા આપને પ્રેરણા કરે અને આપને આ સેવાકાર્ય માટે દાન આપવાની ઈચ્છા હોય તો અમને ફોન કરશો. આપનું દાન સ્વીકારવાની વ્યવસ્થા કરીશું. ગુજરાતી ક્રિશ્ચિયન્સનું લવાજમ ઉઘરાવનાર સેવક દ્વારા પણ આપ દાન આપી શકો છો.

**ફોન : ૦૭૯-૨૨૧૬૨૪૪૧**

જાહેરાત



# HAPPY BIRTHDAY

*"But the mercy of the Lord is from everlasting to everlasting upon them that fear him, and his righteousness unto children's children." Psalm 103:17*

Our Almighty and Heavenly Father you are faithful and gracious and you have blessed us beyond measures. Thank you for the precious gift of our beloved son **"VIHAAN"** in our life.

He has completed his first year on 21st May 2020. We pray that God bless him with his boundless love, calming peace and heavenly joy throught out the coming years and wraps him in his mighty arms for protection forever. Amen.

*With Love and blessings*

**Stavan S. Christian (Father)**
**Dr. Sheral S. Christian (Mother)**
**Samuel V. Christian (Grandfather)**
**Vilhemina S. Christian (Grandmother)**
**Jastin Christian (Nana)**
**Ansuya J. Christian (Nani)**

## આભારપત્ર



**"તેના આયુષ્યની મર્યાદા ઠરાવેલી છે,
તેના મહિનાઓની ગણતરી તારા હાથમાં છે." અયૂબ ૧૪:૫**

મારો એકનો એક વહાલો દીકરો **સેમસન નેલસન ક્રિશ્ચિયન (મુન્નો)** પૃથ્વી પરની ૪૬ વર્ષની મુસાફરી પૂરી કરીને તા. ૭-૩-૨૦૨૦ ના રોજ વહેલી સવારે ૮:૦૦ વાગે ૧૨ કલાકની ટૂંકી માંદગી ભોગવી પ્રભુ પિતાના સદાકાળના વિસામામાં સ્વર્ગીય ધામમાં પ્રવેશ પામેલ છે. તેની દફનક્રિયા પ્રસંગે સિયોનનગર અલાયન્સ ચર્ચના પાળક રેવ. ઓલિવર સાહેબ તથા રેવ. તિમોથી સાહેબ, તમામ મંડળીના ભાઈ-બહેનો, સગાં-સ્નેહી-સંબંધીઓ, ફ્લેટના રહીશો, અન્ય ધર્મી મિત્રો તથા પાડોશીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સાથ સહકાર આપી દિલાસો પાઠવ્યો તે સર્વનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું. પરદેશમાં રહેતાં કુટુંબીજનોએ ફોન દ્વારા દિલાસો પાઠવ્યો, સાંત્વના આપી તે બદલ અંતઃકરણપૂર્વક ખૂબ આભાર માનું છું. આપની વ્યક્તિગત તથા કૌટુંબિક પ્રાર્થનામાં મુજ એકલી પડેલી દુઃખિત માને યાદ રાખશો.

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળવાની મહાન આશામાં

માતા - **એલીઝાબેથ એસ. ક્રિશ્ચિયન** તથા પરિવારજનો

સરનામું : ન્યુ હેવન એપાર્ટમેન્ટ બી-૧, ગ્રાઉન્ડ ફ્લોર, સિયોનનગર

Mo.: 9909578374, 6354782067



નીતા બેન્જામીન

વાનગી

# થાઈલેન્ડ સ્પેશિયલ

## ચિકન બોલ્સ

**સામગ્રી :**

બોનલેસ ચિકન, ૩ ચમચા તેલ, ૨ મધ્યમકદની ડુંગળી, લસણ, લીલાં મરચાં, ૧/૨ કપ કોથમીર, ૧ નાનું ઇંડું - ફીણેલું મીઠું, મરચું.

**રીત :**

કડાઈમાં તેલ મૂકી, ચિકનના નાના ટુકડા ગોલ્ડન કલરના થાય ત્યાં સુધી સાંતળી લો. ત્યારબાદ તેને કાઢીને બાજુ પર રાખો. એ જ વાસણમાં ઝીણી કાપેલી ડુંગળી, લસણ, લીલાં મરચાં અનો થોડી કોથમીર (કાપેલી)ને સાંતળો. ૧ કે ૨ મિનિટ સુધી જ રાખો, બ્રાઉન થવા દેશો નહીં. હવે ચિકન ડુંગળી, લસણ અને કોથમીરને મીક્ષરમાં ક્રશ કરી પેસ્ટ બનાવો. તેમાં એક નાનું ઇંડુ ફીંટીને નાખો. તેમાં મીઠું અને મરચું નાખો. આ મિશ્રણના નાના બોલ બનાવીને ગોલ્ડન બ્રાઉન થાય ત્યાં સુધી તળી લો. તેને કોથમીર ફુદીનાની લીલી ચટણી અથવા સોસ સાથે સર્વ કરો.

**કુકિંગ ટીપ :** જો કોઈ વાનગીમાં બોનલેસ ચિકન અથવા મટન વાપરવાના હોય, તો તેના હાડકાં કાઢીને બાફી લો. તેના પાણીને સૂપ તરીકે પીવામાં વાપરો અથવા શાકની ગ્રેવી માટેના પાણી તરીકે વાપરો. શાક સ્વાદિષ્ટ બનશે.

## કોકોનટ ફિશ કરી

**સામગ્રી :**

૪ મધ્યમકદની કાપેલી ડુંગળી, આદું, લસણ, ૧ ચમચી હળદર, મીઠું સ્વાદાનુસાર, કોકોનટ ક્રીમ-૪૦૦ મી.લી. અથવા કોપરાનું છીણ ૫૦ ગ્રામ, સાફ કરેલી ફિશના ટુકડા ૧ કિલો, કોથમીર, લાંબા કાપેલા મરચાં (સજાવટ માટે)

**રીતઃ**

ડુંગળીને મોટી મોટી કાપો, આદું, લસણ, હળદર, મીઠું, લીલાં મરચાં, આ બધી વસ્તુઓને મિક્ષરમાં ક્રશ કરો. સાથે કોપરાનું ક્રીમ અથવા કોપરાંનું છીણ તેમાં નાંખી પેસ્ટ બનાવો.

મોટી કઢાઈમાં (વાસણમાં) તેલ મૂકીને આ પેસ્ટ નાંખો, તેને ઉકળવા દો. સતત હલાવ્યા કરો નહીં તો કોપરાને લીધે ચોંટી જશે. ત્યારબાદ ફિશના ટુકડાને તેમાં નાંખો. ૧૦ મિનિટ સુધી તેને ઉકળવા દો. ત્યારબાદ જો ગ્રેવી પાતળી લાગતી હોય તો ફિશના ટુકડા બહાર એક બાઉલમાં કાઢી લઈને ફક્ત ગ્રેવીને ઉકળવા દો. ગ્રેવી ઓછી અને જાડી થાય ત્યાં સુધી રાખો. ત્યારબાદ તેને ફિશના ટુકડા ઉપર નાખીને કોથમીર અને લીલા મરચાંની લાંબી લાંબી સળીથી સજાવો અને ગરમગરમ પીરસો.

**નીતા બેન્જામીન**

જાહેરાત

# ‘ગુજરાતી ક્રિશ્ચિયન્સ’ દ્વારા કોરોના રાહતકાર્ય

હાલના વિકટ સમયોને ધ્યાને લઈને, ગત દિવસોમાં, અતિશય જરૂરિયાતમંદ અને ભૂખમરા સામે લડી રહેલા આપણા ખ્રિસ્તી તથા જૂજ અન્યધર્મી પરિવારોને એક મહિનો ચાલે તેટલું અનાજ-કરિયાણું ‘ગુજરાતી ક્રિશ્ચિયન્સ’ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું. જેની તસવીરો નીચે આપવામાં આવી છે. (વધુ તસવીરો આવતા અંકે પ્રસિદ્ધ થશે)




## ← રાહત કિટની સામગ્રી

એક કિટમાં: ૫ કિ.ગ્રા. ચોખા, ૫ કિ.ગ્રા. લોટ, ૧ કિ.ગ્રા. તુવરદાળ, ૫૦૦ ગ્રામ મગની દાળ, ૫૦૦ ગ્રામ મગ, ૫૦૦ ગ્રામ ચણા, ૨ કિ.ગ્રા. ખાંડ, ૨૫૦ ગ્રામ ચા-પત્તી, ૨ કિ.ગ્રા. તેલ, ૧ કિ.ગ્રા. મીઠું, ૨૦૦ ગ્રામ મરચું, ૨૦૦ ગ્રામ ધાણાજીરું તથા ૧૦૦ ગ્રામ હળદરનો સમાવેશ કરવામાં આવ્યો હતો.












જોસેફ બેન્જામીન

## સતત નિષ્ફળ છતાં અતિસાહસિક સુવાર્તિક

# ઍલન ફ્રાન્સિસ ગાર્ડિનર

(ગતાંકથી ચાલુ...)

સપ્ટેમ્બર ૧૮૪૫માં ગોન્ઝાલેઝ નામના સ્પેનિશ પ્રોટેસ્ટન્ટ સુવાર્તિકને સાથે લઈને એલન ફરી એકવાર દક્ષિણ અમેરિકા પહોંચ્યો. ચીલી, આર્જેન્ટિના, પરાગ્વે અને બોલિવિયા જેવા દેશોની અડોઅડ આવેલા ગ્રેન ચાકો નામના પ્રદેશને એલને આ વખતે પસંદ કર્યો. બોલિવિયાના ઉદારમતવાદી અધિકારીઓએ એલન અને ગોન્ઝાલેઝને વસવાટની પરવાનગી આપી. આખરે જેઓને માટે એલન અતિશય બોજ ધરાવતો હતો તેવી આદિજાતિઓને પ્રભુના રાજ્યમાં લાવવાનો માર્ગ મોકળો થયો એવું એલનને લાગ્યું. પરંતુ સ્થાનિક બોલિવિયન સરકારને એકાએક ઊથલાવી પાડવામાં આવી અને એલને ત્યાંથી પાછા ફરવું પડ્યું. વધુ એક નિષ્ફળતા! પ્રથમ દક્ષિણ આફ્રિકા, બાદમાં ચીલી તથા ન્યૂ ગીની દેશો, ફોકલેન્ડ ટાપુ, પેટાગોનિયા અને હવે બોલિવિયા દેશમાંથી પણ એલનને જાકારો મળતાં તેણે



સ્થાપેલી સોસાયટી 'ધી પેટાગોનીયન મિશન'ની કમિટીના સભ્યો પણ હવે સાઉથ અમેરિકામાં સેવાકાર્યોના ખ્યાલને પડતો મૂકવાનો પાક્કો નિર્ધાર કરી ચૂક્યા હતા પણ એલને હાર માની નહોતી!

એલેને ટીએરા ડેલ ફ્યુગો દ્વીપસમૂહમાં જવાનો નિર્ધાર કર્યો. આ સ્થળે તેમને રોકવા માટે ન તો કોઈ સરકાર હતી કે ન કોઈ રોમન કેથલિક મંડળી. પાંચ સાથીઓ સાથે એલન ટીએરા ડેલ ફ્યુગો પહોંચ્યો. સાગરતટે તેઓએ તંબુઓ તથા ઝૂંપડીઓ બાંધી. પણ ફરી એકવાર સ્થાનિક જંગલીઓ તેમનો બધો જ સામાન ચોરી ગયા અને તેમની સાથે દુશ્મનાવટભર્યો વ્યવહાર કરવા લાગ્યાં. જીવ બચાવીને એલન તથા સાથીઓએ ત્યાંથી પસાર થઈ રહેલા એક વહાણમાં આશરો લઈને નાસવું પડ્યું.

દક્ષિણ અમેરિકાની જંગલી જાતિઓના આટલા બધા અનુભવો અને

સતત નિષ્ફળતાઓ ઉપરથી એલન ગાર્ડિનર છેવટે એ નિષ્કર્ષ ઉપર આવ્યા કે આ જગ્યાએ કામ કરવું હોય તો એક તરતું મિશન સ્ટેશન એટલે કે એક મોટું વહાણ જોઈશે. આ વહાણ ઉપર મિશનેરીઓ તથા તેમનો સામાન સુરક્ષિત રહી શકશે. દિવસે નાની નાની હોડીઓ ઉપર સવાર થઈને નજીકના ટાપુ ઉપર જઈને મિશનેરીઓ સુવાર્તાપ્રચાર કરી શકશે. ઈંગ્લેન્ડ જઈને તેમણે લોકોને પોતાની યોજના સમજાવી. તરતા મિશન સ્ટેશન માટે જરૂરી એવા મોટા વહાણ માટે અઢળક નાણાં જોઈએ જે એલન એકત્ર કરી શક્યા નહીં. મોટા વહાણને બદલે ‘પાયોનિયર’ અને ‘સ્પીડવેલ’ નામની બે ખૂબ નાની લોંચ ખરીદીને તેમણે સંતોષ માનવો પડ્યો. આ મિશનમાં જોડાવા માટેના એકમાત્ર હેતુસર જેમણે ડોક્ટરની પ્રેક્ટિસ છોડી દીધી હતી તેવા ડો. વિલિયમ્સ, ત્રણ માછીમાર નાવિક યુવાનો, છેલ્લી યાત્રામાં એલન સાથે આવેલો નોકર કે જે એક અચ્છો સુથાર પણ હતો તે, એક યુવાન સુવાર્તિક તથા એલન પોતે એમ સાત જણની ટુકડી ઈ.સ. ૧૮૫૦ના સપ્ટેમ્બરના માસમાં ઈંગ્લેન્ડના લીવરપૂલ બંદરેથી રવાના થઈ. થોડા મહિનાઓની સફર બાદ તેઓ ટીએરા ડેલ ફ્યુગો પહોંચ્યાં. આ જગ્યાએ બારે માસ સમુદ્ર ખૂબ જ તોફાની હોય છે. બેનર કોવ નામક સ્થળે ઊતરીને આ લોકો પીકટન આઈલેન્ડ પહોંચ્યા અને ત્યાં છાવણી કરી. તેમની પાસે પૂરતી ખાદ્યસામગ્રી તથા અન્ય જરૂરી ચીજ વસ્તુઓનો જથ્થો હતો. ચાર મહિના બાદ ફોકલેન્ડ ટાપુઓ ઉપરથી એક વહાણ આવીને તેમને નવો જથ્થો પૂરો પાડે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી.

નજીકમાં લાંગરેલી બે લોન્ચ ઉપરથી થોડા દિવસો ચાલે તેટલી ખાદ્યસામગ્રી લઈને આ લોકો સ્થાનિક






જાતિઓ મધ્યે સેવા કાર્યો કરવા તટ ઉપર આવેલી એક ગુફા જેવી જગ્યા પાસે કામચલાઉ તંબુ બાંધીને રહેતાં. ખાદ્યસામગ્રી તથા અન્ય સામાન ચોરાઈ ન જાય તે માટે તેમણે કાંટાળા થોરની વાડ બનાવી હતી. આમ છતાં સ્થાનિક મૂળ નિવાસીઓ તેમનો ખોરાક ચોરી જતાં હતાં. આ જાતિઓ એટલી અમાનવીય, પછાત અને પશુવત હતી કે દયા એટલે શું તે પણ સમજતી નહોતી. એલન તથા ટૂકડીએ વારંવાર નવી સામગ્રી લેવા લોન્ચ ઉપર પાછા ફરવું પડતું હતું. લંગર નાંખવાની સલામત જગ્યા અને તાજા પીવાના પાણીની વ્યવસ્થાની શોધ કરવા જતા એક લોન્ચ તો સાવ નક્કામી બની ગઈ હતી. દિવસો અને મહિનાઓ વિતવા લાગ્યાં પણ કંઈ પરિણામ મળતું નહોતું.

જંગલી લોકો સાથે કદીક જ સંપર્ક થતો. ચોરીના ડરે મિશનેરીઓએ મોટેભાગે લોન્ચ ઉપર જ સમય વિતાવવો પડતો. ખાદ્યસામગ્રી ખૂટવા લાગી હતી. છેવટે બધો જ ખોરાક ખલાસ થઈ ગયો. ફોકલેન્ડ ટાપુ ઉપરથી નવો જથ્થો લઈને આવનારું જહાજ ચાર મહિના ક્યારનાયે વીતી ગયા હોવા છતાં હજી આવ્યું નહોતું. એલનની ટુકડીના માણસો એક પછી એક ભૂખ અને તરસથી મરવા લાગ્યાં.

ડો. વિલિયમ્સ તથા એલન ગાર્ડીનર રોજ તેમની ડાયરીમાં નોંધો લખતાં હતાં. આત્માની ઐક્યતામાં આ લોકો એકબીજા વિરુદ્ધ કોઈપણ ફરિયાદ કર્યા વગર અને આરોપ લગાવ્યા વગર જીવનના અંત સુધી આત્મિક દૃઢતા અપાવતાં. પ્રભુનાં વચનો વડે ઉત્તેજન આપતાં. ડો. વિલિયમ્સે પોતાની છેલ્લી નોંધમાં લખ્યું હતું કે તેઓ રાત અને દિવસ, ઊંઘમાં કે જાગૃતાવસ્થામાં



તથા એલન અને ડો. વિલિયમ્સની ડાયરીઓ મળી આવી. ૬ઠ્ઠી જાન્યુઆરીએ એચ.એમ.એસ. ડિડો નામના વહાણે આ સ્થળની મુલાકાત લીધી અને નાવિકોએ સાતેય મિશનેરીઓને પીકટન આઈલેન્ડ ઉપર દફનાવ્યા.

દક્ષિણ અમેરિકામાં પ્રભુ ઈસુની સુવાર્તા માટે દ્વાર ખોલવા સારુ આ સાતેય પ્રભુપ્રેમીઓ બી તરીકે વવાયાં. આ બીમાંથી પ્રભુના મહિમા માટે આવનાર વર્ષોમાં મબલક ફસલ લણાવાની હતી!

એલન ગાર્ડિનર તથા તેમના સાથીઓના

અતિશય આનંદ અનુભવે છે. તેમણે સ્વજનોને ખાત્રી આપતા લખ્યું હતું કે, "પ્રભુ ખરેખર મારા બિછાનાની પાસે છે, વ્યક્ત કરી ન શકાય એટલી હદે હું આનંદ અનુભવું છું. દૈવી પ્રેમ, સ્વર્ગ અને ખ્રિસ્ત મારા હ્રદયમાં છે."

એલન ગાર્ડિનરે પોતાની નોંધમાં લખ્યું હતું કે, "જો હું મૂર્છિત થઈ જાઉં કે મરી જાઉં તો હે ઈશ્વર, હું તમને વિનંતી કરું છું કે આ મહાન ફસલને લણવા તમે અન્યોને ઊભા કરજો અને અનેક મજૂરોને અહીં મોકલજો." ગાર્ડિનરે અન્ય એક નોંધમાં પોતાની ઈચ્છા પ્રગટ કરતાં લખ્યું હતું કે મેં ફક્ત પેટાગોનિયન લોકો મધ્યે નહીં પણ સમસ્ત દક્ષિણ અમેરિકા ખંડને પ્રભુ ઈસુના માટે જીતવાનો બોજ જીવનભર ધરાવ્યો છે માટે 'ધી પેટાગોનિયન મિશન'નું નામ બદલીને તેને 'સાઉથ અમેરિકન મિશન સોસાયટી - SAMS' એવું નામ આપવામાં આવે. એલનની બીજી એક નોંધ હતી: "ઈશ્વરની ઈચ્છા પૂરી થાવ."

ત્રણ નાવિકો, સુથાર અને સુવાર્તિક એક પછી એક ભૂખ, તરસ, ઠંડી અને રોગને કારણે પ્રથમ મરણ પામ્યાં. ત્યારબાદ ડો. વિલિયમ્સ અને છેલ્લે ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૮૫૧ના દિવસે એલન ગાર્ડિનર મૃત્યુ પામ્યાં. એલનનો મૃતદેહ લોન્ચ ઉપર નહીં, પણ બીચ ઉપર પડેલો હતો. જે મદદની રાહ તેઓ જોઈ રહ્યા હતા તે છેક ૨૧મી ઓક્ટોબરે એટલે કે એલનના મરણના દોઢ મહિના બાદ આવી. મદદકર્તાઓને સાતેય મિશનેરીઓના મૃતદેહો

### શહીદ મિશનેરી ટુકડીના સભ્યો:

૧. કેપ્ટન એલન ગાર્ડિનર - મિશનેરી
૨. ડો. રિચાર્ડ વિલિયમ્સ - મેડિકલ સર્જન
૩. જોસેફ ઈરવીન - સુથાર
૪. જોન મેઈડમેન્ટ - સુવાર્તિક
૫. પીઅર્સ
૬. બેડકોક
૭. બ્રાયન્ટ
(૫-૭) કોર્નિશ માછીમારો / નાવિક

ભૂખમરાથી થયેલા મૃત્યુના સમાચારે ઈંગ્લેન્ડ સહિત સમગ્ર વિશ્વને હચમચાવી નાંખ્યું. 'ધી ટાઈમ્સ' નામના અખબારમાં મહામૂલા માનવજીવન તથા સંશોધનોના વ્યય અને મૂર્ખતાભર્યા ઉદ્દેશને સારું આદરવામાં આવેલા આ અભિયાનની ઝાટકણી કાઢતો તંત્રીલેખ છપાયો. દુર્ગમ વિસ્તારોમાં પૃથ્વીના છેડા સુધી ઈસુની સુવાર્તા ફેલાવવાના સન્નિષ્ઠ પ્રયાસોને મૂર્ખતામાં ખપાવનારા લેખ વિરુદ્ધ મંડળીના વિશ્વાસી લોકોનો રોષ ફાટી નીકળ્યો. ગાર્ડિનરના મિશનને આગળ ધપાવવા અને ધી ટાઈમ્સના કટાક્ષનો જવાબ આપવા સારુ બધી જ મંડળીઓએ દાનનો પ્રવાહ વહેવડાવ્યો. એલન ગાર્ડિનરની ડાયરી પ્રસિદ્ધ કરવામાં આવી જે વાંચીને લોકોનાં હ્રદયો હચમચી ગયાં.

વધુ આવતા અંકે...

**જોસેફ બેન્જામીન**

માર્ચ ૨૦૨૦ અંકથી

# અંત સમયની નિશાનીઓ કઈ?



શિરીષ જોસેફ ક્રિસ્ટી

અગાઉ માર્ચ ૨૦૨૦ના અંકમાં આપણે ચાર ભવિષ્યવાણીઓ જોઈ હતી, અહીં બાકીની ભવિષ્યવાણીઓ જોઈએ તો, વાસ્તવિક સ્થિતિનો વધારે ખ્યાલ આવશે કે બાઈબલમાં ઈશ્વરના આત્માની દોરવણીમાં લખવામાં આવેલ દરેક ભવિષ્યવાણીઓ કેટલી સચોટ અને સ્પષ્ટ છે.

**૫. ઇઝરાયેલ દુશ્મનોથી ઘેરાયેલું જોશો :**

બાઇબલ કહે છે કે, અંતના દિવસોમાં ઇઝરાયેલ દુશ્મનોથી ઘેરાયેલું હશે. આ દુશ્મનો સંગઠિત થઈને કહેતા હશે કે, ચાલો, આપણે ઇઝરાયેલને પૃથ્વી પરથી ભૂંસી નાંખીએ, આવો આપણે ઇઝરાયેલના અસ્તિત્વનો સંપૂર્ણ સંહાર કરીએ." ગી.શા. ૮૩:૪. અને ઈશ્વરના નિવાસસ્થાન પર આપણે કબજો જમાવીએ. ગી.શા. ૮૩:૧૨. હઝકિયેલ કહે છે કે ઇઝરાયેલના પડોશી દેશો કહેશે કે, "ઈશ્વરે આ ભૂમિ અમને આપેલી છે." હઝકિયેલ ૧૧:૧૪-૧૭. અને ઇઝરાયેલ અને યહૂદા તો અમારા છે. અમે તેના પર કબજો જમાવીશું. જો તેમની પાસે તેમનો ઈશ્વર હોય તો તેમાં અમારે શું? હઝકિયેલ ૩૫:૧૦.

ઈ.સ. ૧૯૪૮માં ઇઝરાયેલ દેશ અસ્તિત્વમાં આવ્યો ત્યારથી, ઇઝરાયેલની આસપાસના મુસ્લિમ દેશોના દરરોજના સમાચાર પત્રમાં આ મુખ્ય સમાચાર તરીકે હોય છે જ કે, ઇઝરાયેલની ભૂમિ અમારી છે તેના પર અમારો અધિકાર છે. અમને ઇઝરાયેલના ઈશ્વરની કોઈ બીક નથી. ઇઝરાયેલને નેસ્તનાબૂદ કરી નાંખવા માટે આજ દિન સુધીમાં ઘણા પ્રયત્નો અને યુદ્ધો કર્યાં પણ દરેકમાં ઈશ્વરે ઇઝરાયેલને વિજય અપાવ્યો. જ્યારથી ઇઝરાયેલ દેશનો જન્મ થયો ત્યારથી જ ઇઝરાયેલ દુશ્મન દેશોથી ઘેરાયેલું રહ્યું છે.

**૬. ઇઝરાયેલની અત્યાધુનિક સૈન્યતાકાત :**

હઝકિયેલ કહે છે કે, અંતના દિવસોમાં, ઇઝરાયેલની અતિમહાન સૈન્યતાકાત હશે. હઝકિયેલ ૩૭:૧૦. ઝખાર્યા કહે છે કે, ઇઝરાયેલને હું લાકડામાં અગ્નિથી ભરેલી પેણીરૂપ તથા પૂળીઓમાં બળતી મશાલરૂપ કરીશ. ઝખાર્યા ૧૨:૬. તે દિવસે જે નિર્બળ હશે તે પણ દાઉદના જેવો થશે. ઝખાર્યા ૧૨:૮.

ઈ.સ. ૧૯૪૮થી, જ્યારથી ઇઝરાયેલ અસ્તિત્વમાં આવ્યું ત્યારથી તે તેના પડોશી દુશ્મનો સાથે ઇઝરાયેલના અસ્તિત્વને પડકારતાં ચાર પરંપરાગત યુદ્ધો લડી ચૂક્યું છે. દરેક યુદ્ધમાં દુશ્મન દેશોના ૫૦ સૈનિકો સામે ઇઝરાયેલનો ૧ સૈનિક હોવા છતાં, દરેક યુદ્ધમાં દુશ્મન દેશોને ધૂળ ચાટતા કરીને ઇઝરાયેલે જબરજસ્ત વિજય મેળવ્યો છે. આજે ઇઝરાયેલનું સૈન્ય દુનિયાનું સૌથી તાકાતવર અને ટેકનોલોજીથી સજ્જ અત્યાધુનિક સૈન્ય તાકાત માનવામાં આવે છે.

**૭. ગોગ અને માગોગનું ભેગા થવું :**

બાઇબલ કહે છે કે સંયુક્ત સેના કે જેમાં રશિયા, ઈરાન, તુર્કી અને અન્ય મુસ્લિમ દેશોનું મહા સૈન્ય એકઠું થઈને અંતના દિવસોમાં ઇઝરાયેલ પર હલ્લો કરશે. હઝકિયેલ ૩૮:૮. જ્યારે દુશ્મન દેશોમાંથી ઈશ્વર તેમને ઇઝરાયેલમાં એકઠા કરશે. હઝકિયેલ ૩૯:૨૭.

આજે, આપણે જોઈએ છીએ કે આ ગોગ એટલે રશિયા, માગોગ એટલે ઈરાન, તુર્કી અને અન્ય મુસ્લિમ દેશો એકબીજાની વધારે નજદીક આવતા જાય છે. આવું મિત્રદેશોનું સૈન્યજોડાણ વિશ્વ ઈતિહાસમાં ક્યારેય અસ્તિત્વમાં આવ્યું નથી અને સમય આવશે ત્યારે આ મહાસેના ઇઝરાયેલ પર હલ્લો કરશે.

**૮. સંયુક્ત યુરોપનો ઉદય :**

બાઇબલ કહે છે કે અંતના દિવસોમાં રોમન સામ્રાજ્ય ફરી એક વાર દુનિયા પર પ્રભુત્વ ધરાવશે. (દાનિયેલ ૨, દાનિયેલ ૭, પ્રકટીકરણ ૧૭). દાનિયેલ પ્રમાણે, અંતના સમયે સંયુક્ત યુરોપનો દશ દેશોનો સમૂહ હશે અને તેમાંથી પણ ત્રણ દેશો નાશ પામશે.

તેનો થોડો ભાગ લોખંડ જેવો મજબૂત હશે, અને

બાકીનો ભાગ નબળો, માટીના જેવો હશે. (દાનિયેલ ૨:૪૨). આ સંયુકત યુરોપના દેશોના સમૂહમાં જોઈએ છીએ કે, બ્રિટનનું બ્રિક્ઝિટમાંથી બહાર નીકળી જવાને કારણે, અમુક દેશો તેમનું અસ્તિત્વ ટકાવી રાખવા સંઘર્ષ કરી રહ્યા છે, જ્યારે મજબૂત દેશો આ સમૂહમાં જોડાણ જાળવી રાખવા સતત સંઘર્ષ કરી રહ્યા છે. હાલનો સમય એ આ છે. સમય જતાં સંયુકત યુરોપના દશ દેશોમાંથી સાત દેશો બચશે ત્યારે ખ્રિસ્તવિરોધી ઊભો થશે. આ ખ્રિસ્તવિરોધી દુનિયા પર રાજ કરશે અને ઇઝરાયેલને તેના દુશ્મનો સાથે શાંતિકરાર કરાવશે અને ખ્રિસ્તવિરોધી પોતે ઇઝરાયેલની સાથે સાત વર્ષનો કરાર કરશે. સાડા ત્રણ વર્ષ બધું બરાબર ચાલશે પણ સાડા ત્રણ વર્ષના અંતે કરારનો ભંગ કરશે અને ઇઝરાયેલ પર આવનાર વિપત્તિની શરૂઆત થશે.

**૯. વૈશ્વિક સરકારનો ઉદય :**

બાઇબલ જણાવે છે કે દુનિયામાં ખ્રિસ્તવિરોધીની એક જ રાજકીય વૈશ્વિક સરકાર હશે અને તે દુનિયા પર રાજ કરશે. (પ્રક્ટીકરણ ૧૩:૭), ધાર્મિકતા (પ્રક્ટીકરણ ૧૩:૮), અને આર્થિક રીતે પણ. જે ૬૬૬ની વાત કરવામાં આવે છે તે આ. તમારું નામ નહિ પણ તમારો નંબર જ તમારી ઓળખ બનશે.

સમગ્ર દુનિયા પર એક વૈશ્વિક સરકાર હશે જે બધા લોકો, જાતિ અને ભાષાઓના લોકો પર શાસન કરશે. (પ્રક્ટીકરણ ૧૩:૭), આ સત્તાની મંજૂરી વગર કોઇ કંઇપણ ખરીદી અથવા વેચી શકશે નહીં. (પ્રક્ટીકરણ ૧૩:૧૬-૧૭). સદીઓ પહેલાં વૈશ્વિક સરકારનો વિચાર અસંભવ લાગતો હતો, આજે વિશ્વ નેતાઓ તેની ખુલ્લેઆમ ચર્ચા કરી રહ્યા છે અને વૈશ્વિક સરકાર ખ્રિસ્ત વિરોધીના આધિપત્યમાં ચાલશે.

**૧૦. અંતની નિશાનીઓનો ઇન્કાર :**

આશરે ૨૦૦૦ વર્ષો પહેલાં પ્રેરિત પિતરે કહ્યું હતું કે, છેલ્લા દિવસોમાં ઈસુના પુનરાગમનની લોકો મજાક ઉડાવશે. જેઓ ઈસુના બીજા આગમન પર વિશ્વાસ કરે છે તેઓની મજાક ઉડાવશે. જેમ આજે સાંભળીએ છીએ તેમ, "શું ઈસુ ખરેખર પાછા આવશે?" તેના વચનનું શું થયું, પેઢી દરપેઢી સાંભળતા આવ્યા છે કે, ઈસુ કહે છે કે જુઓ, હું થોડી વારમાં પાછો આવું છું. પણ દુનિયાના આરંભથી જેમ હતું તેમનું તેમ જ છે. (૨ પિતર ૩:૩૪). માટે પ્રભુ ઈસુએ કહ્યું હતું કે હું પાછો આવીશ ત્યારે મને વિશ્વાસ જડશે શું. લૂક ૧૮:૮.

અંતમાં, પ્રભુ ઈસુએ કહ્યું કે, જુઓ, હું થોડીવારમાં આવું છું. અને આ અંત સમયની નિશાનીઓ દર્શાવે છે કે આપણી પેઢી ઈસુના પુનરાગમનની સાક્ષી બનશે. અંત સમયની આ સર્વ નિશાનીઓ દર્શાવે છે કે ઈસુએ કહ્યું હતું કે, એમ જ જ્યારે તમે પણ તે બધાં થતાં જુઓ, ત્યારે તમારે જાણવું કે તે પાસે એટલે બારણાં આગળ જ છે. (માથ્થી ૨૪:૩૩).

હું તમને ખચીત કહું છું કે, એ બધાં પૂરાં નહીં થશે ત્યાં સુધી આ પેઢી ગુજરી નહીં જશે. માથ્થી ૨૪:૩૪. પણ તમે કહી શકો છો કે, આ એ જ સંકેતો છે જે તમારું ધ્યાન દોરી રહ્યા છે? તમે જેમ વારંવાર જણાવ્યું તેમ. જે સાચું છે તે કહું છું, અને સત્ય કદાપી બદલાતું નથી. આ સત્ય ગઈકાલે પણ હતું અને અંતકાળ સુધી રહેશે. આપણે યાદ રાખીએ કે, ખ્રિસ્તી સમાજને ૨૦૦૦ વર્ષ થયાં. (ઈ.સ. ૦૦ થી ઈ.સ. ૧૯૪૮) આ વર્ષોમાં અંત સમયની એક પણ નિશાની પરિપૂર્ણ થઈ ન હતી. આજે, બધી જ પૂર્ણ થવા જઈ રહી છે.

અંતના સમયમાં બનનાર દરેક મોટા બનાવોની શરૂઆત ઇઝરાયેલ જ કરશે કારણ કે ઇઝરાયેલે પોતાના અસ્તિત્વની લડાઈ લડવાની રહેશે, ઇઝરાયેલ જ દુનિયાનું મધ્યબિંદુ છે અને ઇઝરાયેલ જ દુનિયાની ઘડિયાળ છે. યાદ રાખીએ કે બાઇબલમાં ઇઝરાયેલને અંજીરીની ઉપમા આપવામાં આવી છે. "હવે અંજીરી પરથી તેનું દૃષ્ટાંત શીખો. જ્યારે તેની ડાળી કુમળી થઈ હોય છે, ને પાંદડાં ફૂટવા માંડે છે, ત્યારે તમે જાણો છો કે ઉનાળો પાસે આવ્યો છે, એમ જ જ્યારે તમે પણ તે બધાં થતાં જુઓ, ત્યારે તમારે જાણવું કે તે પાસે એટલે બારણા આગળ જ છે." માથ્થી ૨૪:૩૨,૩૩.

હું ફરીથી જાહેર કરીશ કેમ કે આ સંદેશ સર્વના ધ્યાનમાં આવે કે જે સંદેશ દરેક ખ્રિસ્તીને વિચારતા કરવા જોઈએ. વારંવાર આ સંદેશ સાંભળીને તેની ગંભીરતાનું ભાન થવું જોઈએ. તમારી આસપાસ જુઓ, ઈશ્વર હજુ રાહ જુએ છે. ઈશ્વરના આગમનનો દિવસ નજદીક છે ને લોકો હજી બેફિકર થઈને મોજ માણી રહ્યાં છે. અફસોસની વાત છે કે ઘણાં ખ્રિસ્તને અનુસરનારા

**અનુસંધાન પાના નં. ૩૭ ઉપર...**



# પડછાયો

*"એટલે સુધી કે તેઓએ માંદાંને સુવાડ્યાં, ને પિત્તર પાસે થઈને જાય તો તેનો પડછાયો પણ તેઓમાંના કોઈના ઉપર પડે." પ્રે. કૃ. ૫:૧૫.*

**ઓ**હ! એક અભણ અજ્ઞાન માણસનો પડછાયો એટલો બધો કીમતી અને પવિત્ર? કે લોકોનો અંધવિશ્વાસ? તમને શું લાગે છે? ઈસુએ તો કહ્યું જ હતું કે તમે મારા કરતાં પણ મહાન કામ કરશો. જો પિત્તરના પડછાયાથી જ લોકો સાજા થતાં હોય તો "ઈસુ ખ્રિસ્ત"ના પડછાયાથી પણ હજારો લોકો સાજા થયાં હશે જ. કારણ પ્રેરિત યોહાન લખે છે કે જો ઈસુના બધા કામના વર્ણન લખવામાં આવે તો એટલાં બધાં પુસ્તકો થાય કે તેનો સમાવેશ આ દુનિયામાં થઈ ન શકે.

દુનિયા ઉપર કહેવાય છે આ વ્યક્તિનો તો પડછાયો પણ ન લેવાય ને કેટલાએક માણસો માટે એ સાચું છે. એ લોકો બધી રીતે આપણને નુકસાનકારક સાબિત થાય. એવા લોકોની પાસે દુષ્ટતા તથા તેમના વાણી, વિચાર, વર્તન, જીવન તથા કાર્યમાં છળકપટ ને લુચ્ચાઈ ભરેલી હોય, સતત આવા લોકો બધે ફેલાતી મરકી જેવા હોય અને ઘણી જગ્યાએ તેઓ શાહુકાર તરીકે સાબિત પણ થાય. ખેર છોડો, એવા લોકોને પ્રભુને સોંપી દો.

હા, તો પિત્તર ઈસુ ખ્રિસ્તનો જમણો હાથ. હવે ચાલો વિચારીએ. પિત્તરના પડછાયા વિષે. (એક) એ મંદિરમાં જતા હશે. (બીજું) ભક્તિસભા ચલાવવા જતા હશે. (ત્રીજુ) કોઈકના ઘરે આમંત્રણ મળવાથી જતા હશે. (ચોથુ) કોઈકને સાજા કરવા જતા હશે. (પાંચમુ) કોઈકના ઘરે જમવા જતા હશે. (છઠ્ઠુ) પ્રાર્થના કરવાં જતા હશે. (સાતમુ) કારણ બજારમાં જતા હશે. આટલાં કારણોસર તેઓ બહાર જતાં હશે. જોકે બીજાં કારણો પણ હોઈ શકે.

પણ એક સામાન્યમાં સામાન્ય માણસના પડછાયામાં આટલું બધું પરાક્રમ? ગજબ કહેવાય! અને આપણે ધાર્મિકતાનો આંચળો ઓઢીને ફરનારા ખ્રિસ્તીઓ. શું હાલ આ વાત શક્ય નથી? હવે આવું ન બની શકે? આપણે, હા, આપણે બધાએ છેક ઉપરથી લઈને નીચે સુધીનાએ આત્મખોજ કરવાની જરૂર છે. અંત તો નજદીક આવી પહોંચ્યો. ક્યાં સુધી બેસી રહીશું? અરે! પડછાયાથી જો સાજાપણું ન મળે તો તમારી પ્રાર્થના, સ્પર્શથી તો લોકો વિશેષ અન્યધર્મી લોકો સાજા થાય એટલું પરાક્રમ તો "ઈસુ" પાસેથી મેળવી લો. એવું થોડું છે કે ફક્ત સેવકો જ આવાં પરાક્રમી કામો કરી શકે? અને સેવકોમાં પણ ગણ્યાગાંઠ્યા જ છે. જેમના હાથે ચમત્કારો થઈ રહ્યા છે. બાકી તો .... છોડો આ વાત. હં... તો આ સમયનો આવો, આપણે કંઈક સારો ઉપયોગ કરીએ.

દરેક પ્રભુમંદિરોમાં ચમત્કાર થવા જ જોઈએ. સેવકો, ખ્રિસ્તીઓના હાથે લોકોને સાજાપણું મળવું જ જોઈએ. નહીં તો આપણું ખ્રિસ્તીપણું ખોખલું, નક્કામું. શું તમે શિષ્ય છો કે ખ્રિસ્તીઓ છો?? શિષ્ય છો તો ચમત્કાર થાય જ (ન થાય તો સમથીંગ રોંગ). કારણ નામધારી ખ્રિસ્તીઓને શું કરવાના? તે તો અવિશ્વાસ કરતાં પણ ભૂંડા. તેઓ તો સમય આવ્યે બધું જ કરે. વહાલાઓ, તમારી પ્રાર્થના, તમારો સ્પર્શ ને તમારો પડછાયો મૂલ્યવાન બની રહો.

**ક્રિશ્ચિયન નીલ્સ નોએલ, નડિયાદ**

## મૃત્યુ નોંધ

૧. મણિનગરના સ્તુતિ એપાર્ટમેન્ટ ખાતે રહેતા શ્રી રાજેશભાઈ વ્યાસ (GTBS સ્ટાફ) તા. ૧૪ જૂન, ૨૦૨૦ રવિવારે રાત્રે હૃદયરોગનો હુમલો આવવાથી મરણ પામ્યા છે. દુઃખિત કુટુંબીજનો માટે પ્રાર્થના કરશો.

૨. શ્રી વિક્ટર પી. દાસ, ઉ.વ. ૮૪, તા. ૨૦ જૂન, ૨૦૨૦, વડોદરા મુકામે પ્રભુમાં ઊંઘી ગયા છે.

૩. ગુજરાત અલાયન્સના વરિષ્ઠ પાળક રેવ. ઈસુદાસ ક્રિશ્ચિયન, પ્રભુમાં ઊંઘી ગયા છે.



# બરબ્બાસ

(છુટકારો પામેલ ખૂની ગુનેગાર)



રેવ. ડો. ચંદ્રકાન્ત પથિક

બરબ્બાસનું પાત્ર નવા કરારમાં દર્શાવવામાં આવેલું છે. રોમન રાજપાલે જ્યારે ઈસુ સંબંધી કાર્યવાહી શરૂ કરી તે જ સમયે બરબ્બાસ સંબંધી પણ કાર્યવાહી ચલાવવામાં આવી. તે સમયે યહૂદી પાસ્ખાપર્વનો પ્રસંગ પણ યરુશાલેમમાં બની રહ્યો હતો. તે વખતે રાજપાલ પોંતિયસ પિલાત દ્વારા બરબ્બાસને છોડી મૂકવાનો આદેશ આપવામાં આવ્યો અને પ્રભુ ઈસુને વધસ્તંભની શિક્ષા કરાવવામાં આવી.

બરબ્બાસ એ અરેમિક શબ્દ છેઃ Yeshua Bar 'abba' જેનો અર્થ 'પિતાનો પુત્ર' અથવા 'શિક્ષકનો પુત્ર' થાય છે. નવા કરારની સંદર્શક સુવાર્તાઓ માથ્થી, માર્ક અને લૂક પ્રમાણે તેમ જ યોહાનની સુવાર્તામાં ટાંકેલી નોંધ પ્રમાણે યરુશાલેમમાં એકત્ર થયેલા માનવ સમુદાયે એક સાથે પોતાનો મત રજૂ કર્યો કે, "બરબ્બાસને છોડી મૂકવામાં આવે અને નાસરેથના ઈસુને વધસ્તંભે જડાવવામાં આવે." પિલાતને નાછૂટકે ટોળાના નિર્ણય આગળ નમતું જોખવું પડ્યું. "અને પિલાતે જોયું કે મારું કાંઈ જ ચાલતું નથી. પણ ઊલટી વિશેષ ગરબડ થાય છે, ત્યારે તેણે પાણી લઈને લોકોની આગળ પોતાના હાથ ધોઈને કહ્યું કે, "એ ન્યાયીના લોહી સંબંધી હું નિર્દોષ છું, તમે જાણો." ત્યારે સર્વ લોકોએ ઉત્તર આપ્યો. "એનું લોહી અમારે માથે તથા અમારાં સંતાનોને માથે." માથ. ૨૭:૨૪-૨૫. ટોળાએ પિલાત સમક્ષ જે વધારાની જાહેરાત કરી તે વિષે ફક્ત માથ્થીની સુવાર્તામાં જ જણાવવામાં આવેલું છે.

બરબ્બાસ એક પ્રખ્યાત બંદીવાન : માથ્થી સુવાર્તિક બરબ્બાસને "પ્રખ્યાત બંદીવાન" તરીકે રજૂ કરે છે. અંગ્રેજી બાઇબલ પ્રતોમાં notorious prisoner એટલે કે 'કુખ્યાત બંદીવાન' તરીકે દર્શાવવામાં આવેલ છે. કુખ્યાતનો અર્થ નામચીન, નામીચો જેવો પણ થાય છે. જ્યારે લૂક સુવાર્તિક બરબ્બાસના સંબંધમાં જણાવે છે કે, "એને તો શહેરમાં કંઈ તોફાન તથા હત્યા કર્યાને લીધે બંદીખાનામાં નાખવામાં આવ્યો હતો." લૂક ૨૩:૧૯. યોહાન સુવાર્તિક બરબ્બાસને 'bandit' - લૂંટારા તરીકે ઓળખાવે છે. "ત્યારે તે બધાએ ફરીથી બૂમ પાડીને કહ્યું, "એને તો નહિ, પણ બરબ્બાસને." હવે બરબ્બાસ તો લૂંટારો હતો." જોસેફસ નામનો ઈતિહાસકાર વળી ક્રાંતિકારીઓ માટે 'bandit' શબ્દ વાપરે છે.

બંદીવાનને મુક્ત કરવાનો રિવાજ : સુવાર્તામાં આ બાબત જણાવવામાં આવેલી છે કે, યરુશાલેમના પાસ્ખાપર્વ દરમ્યાન બંદીવાનને મુક્ત કરવાનો રિવાજ હતો. ઈશ્વર વિદ્યાશાસ્ત્રીઓ તેને 'પાસ્ખાપર્વની માફી' જેવા શબ્દોનો ઉપયોગ કરીને સમજાવવા માટે પ્રયત્ન કરે છે. પરંતુ આ પ્રકારના રિવાજ વિષે સુવાર્તા સિવાય બીજા કોઈ પણ ઐતિહાસિક દસ્તાવેજોમાં દર્શાવવામાં આવેલ નથી.

બરબ્બાસના મૃત્યુદંડ માટેનું અવેજીપાત્ર પ્રભુ ઈસુ : બરબ્બાસને તો રોમન સરકાર સામેના ગુના માટે સજા ભોગવવાની હતી. તેણે તો દેશના ફોજદારી અને નૈતિક ગુનાઓ કર્યા હતા. એવું કહેવામાં આવે છે કે તેણે એક રોમન લશ્કરી અધિકારીનું ખૂન કર્યું હતું. વળી, તે ચોર અને લૂંટારો હતો. ચોર નીચી કક્ષાનો ગુનેગાર હોય છે. તેને તો બીજા માણસની મિલકત, કિંમતી ચીજવસ્તુઓ મળી જાય તો બીજું શું જોઈએ? પરંતુ લૂંટારાઓ તો લૂંટવાનું કામ કરે. સાથે સાથે માનવ હત્યા, હિંસા, મારામારી અને કાપા-કાપીમાં પણ સામેલ થાય. બરબ્બાસ આ પ્રકારનો લૂંટારો હતો.

પાસ્ખાપર્વની ગુરુવારની રાત્રે બરબ્બાસને ઊંઘ ના આવી. તેણે તો વ્યગ્રતામાં અને મરણની ભયંકરતામાં પસાર કરી. જે ચોર અને લૂંટારાઓ હોય તેમને રાત-દિવસ ઊંઘ આવતી નથી. તેમને તો મરણનાં જ સ્વપ્નો આવે છે. વળી, બરબ્બાસને જે સજા ફરમાવવામાં આવી હતી એ તો વધસ્તંભના મરણની આકરી સજા હતી.

વહેલી સવારનો સમય વધુ શાંત, સૌમ્ય અને શીતલ હોય છે. બરબ્બાસને એક ઝોકું પણ આવી ગયું અને થોડીક ક્ષણો માટે તેની આંખો મીંચાઈ ગઈ. એવામાં તો તેની કાજળ કોટડી પર કોઈએ ટકોરા મારતા મારતા બૂમ પાડી, "બરબ્બાસ, બરબ્બાસ!"

બરબ્બાસ માટે શુભ સંદેશ : બરબ્બાસ સફાળો જાગી ઊઠ્યો. તેને લાગ્યું કે જલ્લાદો તેને લેવા માટે આવી પહોંચ્યા છે. તેણે ભારે ગભરાટ અને વ્યગ્રતાસહ બારણું ખોલ્યું ત્યારે લશ્કરી અફસરે તેને અભિનંદનનો હાથ લંબાવીને કહ્યું, "બરબ્બાસ, તારા માટે શુભસંદેશ છે, તું મુક્ત છે, અને તારા બદલામાં બીજી એક વ્યક્તિ વધસ્તંભે જડાનાર છે, જેનું નામ ઈસુ છે." બરબ્બાસ મુક્ત બન્યો અને પાગલ માણસની જેમ કાલવરીના માર્ગે દોડવા લાગ્યો. ત્યાં યરુશાલેમના કોટની બહાર દૂરસુદૂર એક લીલો ડુંગર હતો, ત્યાં ત્રણ વધસ્તંભ હતા. જમણી અને ડાબી બાજુએ બે ચોર તેમના ગુનાઓ માટે છેલ્લા સમયની યાતનાઓ સહન કરતા હતા. જે બન્નેને બરબ્બાસ સારી રીતે ઓળખી ગયો કારણ કે તે ત્રણે છેવટે તો એક જ માળાના મણકા હતા. પણ વચ્ચેના વધસ્તંભ આગળ આવીને બરબ્બાસ ભાંગી પડ્યો. કારણ કે ત્યાં તો તેને બદલે બીજી કોઈ વ્યક્તિ વધસ્તંભે જડાયેલી હતી જેમનું નામ ઈસુ હતું.

બરબ્બાસને બદલે પ્રભુ ઈસુ વધસ્તંભે જડાયા : બરબ્બાસના સંબંધમાં અને આપણ સર્વના સંબંધમાં રોમન ૫:૨૩ કેટલી બધી યથાર્થ કલમ છે. "હવે ન્યાયી માણસને માટે ભાગ્યે જ કોઈ મરે, સારા માણસને માટે તો કોઈક કદાચ મરવાને પણ છાતી ચલાવે, પણ આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે માટે મરણ પામ્યા, એમ કરવામાં ઈશ્વર આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે." એક ચોર, લૂંટારા, ખૂની માણસ તરીકે કુખ્યાતિ પામેલા બરબ્બાસ માટે નિરપરાધી, નિષ્કલંક અને નિર્દોષ પ્રભુ ઈસુ ખ્રિસ્તે વધસ્તંભનું અસહ્ય મરણ સહન કર્યું.

આ લેખની સામગ્રી તૈયાર કરવામાં મેં 'બરબ્બાસ' અંગેનું નાટક પણ વીડિયો પર જોઈ લીધું જે અતિ હૃદયસ્પર્શી છે. ૨૦૨૦ના વર્ષમાં હું નાટક નિહાળીને સૌ પ્રથમ ધ્રુસકે ધ્રુસકે રડ્યો. કારણ કે એ નાટકમાં મને બરબ્બાસની જગ્યાએ મારું પાત્ર નિહાળવાનું મળ્યું. નાટકની કથાવાર્તામાં પ્રભુ ઈસુ જ્યારે વધસ્તંભ પર આકરી સજા ભોગવતા હતા ત્યારે બરબ્બાસે એક રોમન અધિકારીને સવાલ કર્યો કે, "તમે રોમન અધિકારીઓ, ધાર્મિક યહૂદીઓ પર આ પ્રકારની હત્યા ક્યાં સુધી કરવાનું ચાલુ રાખશો? તમે તો આ અપરાધના ગુનેગાર છો." ત્યારે રોમન અધિકારીએ જવાબ આપ્યો કે, "એના મરણ માટે અમે જવાબદાર નથી, પણ બરબ્બાસ તું જવાબદાર છે." એ સાંભળીને બરબ્બાસને ભયંકર ઝાટકો લાગ્યો, જ્યારે તે ઘરે આવ્યો ત્યારે તે રાત્રે તેને પ્રભુ ઈસુએ દર્શન આપ્યું અને ફરીથી તેને માટે પોતાનો પ્રેમ દર્શાવ્યો. બરબ્બાસે પોતાના જીવનનું અર્પણ કર્યું અને મરણના છેલ્લા શ્વાસ સુધી પ્રભુ ઈસુના શિષ્ય તરીકે સેવા કરવાનો નિર્ણય કર્યો. નિર્ણય લેતી વખતે કદાચ તેણે આ પ્રકારનું ગીત પણ ગાયું હશેઃ

*યેશૂકે પીછે મૈં ચલને લગા, ન લૌટુંગા, ન લૌટુંગા,*
*સંસારકો છોડકર, સલિબ કો લેકર, ન લૌટુંગા, ન લૌટુંગા.*

**રેવ. ડો. ચંદ્રકાન્ત પથિક, નડિયાદ**



# સર્વિંગ ફ્રેન્ડ્સ ફાઉન્ડેશન Serving Friends Foundation

## Reach the Reachable
## Win the Winnable

ખ્રિસ્તમાં ઘણાં જ વ્હાલા પ્રાર્થ સાથીઓ, મિત્રો તથા સ્નેહીજનો,

આપણા તારનાર પ્રભુ ઈસુના ગૌરવી નામમાં પ્રેમી કુશળતા.

માર્ચ માસમાં અમે છેલ્લો પ્રાર્થના પત્ર પ્રકાશિત કર્યો હતો. ત્યાર બાદ વિશ્વભરમાં કોવિડ ૧૯ની અસર વ્યાપી ગઈ અને ઘણાં લોકો મૃત્યુ પામ્યાં. વિશ્વના ઘણા દેશોમાં લોકડાઉન કરવામાં આવ્યું. આપણા દેશમાં પણ લાંબા સમય સુધી એ સ્થિતિ રહી.

કોવિડ ૧૯ની અસર વિશ્વભરમાં છે અને તેનાથી અર્થતંત્રને ઘણું નુકસાન થયું છે.

લોકડાઉનને લીધે બરોડામાં એપ્રિલ ૧૪મીએ રાખવામાં આવેલી ગુડ ન્યુઝ મિટિંગ મુલતવી રાખવી પડી છે. પ્રાર્થના કરશો કે બરોડા શહેર, જિલ્લા અને પંચમહાલ જિલ્લાના અંધ મિત્રો માટે યોગ્ય સમયે મિટિંગનું આયોજન કરી શકાય.

### દૃષ્ટિહીન મધ્યે સેવા

❖ **નવરંગપુરા અંધશાળા :** તા. ૨૦ માર્ચના રોજ અમદાવાદની નવરંગપુરાની અંધશાળાની મુલાકાત લીધી. કોરોનાની અસર શરૂ થઈ હોવાથી અંધ વિદ્યાર્થીઓને ઘરે મોકલી દીધા હતા.

પરંતુ ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષા ચાલતી હોવાથી તેમની મુલાકાત થઈ. તેઓ રિસેસમાં પરીક્ષાની તૈયારી કરતા હોવાથી ફક્ત ત્રણ વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી અને તેમને ઓડીયો બાઈબલ તથા મેમરી કાર્ડ આપવામાં આવ્યા.

વસ્ત્રાપુરની અંધશાળામાં પણ એજ સ્થિતિ હતી. ત્યાં ફક્ત એક અંધજનને ઓડીયો બાઈબલ તથા મેમરી કાર્ડ આપવામાં આપ્યું.

❖ **વિજય વાઘેલા (આણંદ) :** આ વિશ્વાસી ભાઈને અગાઉ ઓડીયો બાઈબલ તથા કાર્ડ આપવામાં આવ્યા હતા. તેમણે કાર્ડમાં રેકોર્ડ કરેલા સંદેશાનો અભ્યાસ પૂરો કર્યો અને પછી વધુ અભ્યાસ અંગે પૃચ્છા કરી. તેમને મેમરી કાર્ડમાં બીજા અભ્યાસ આપવામાં આવ્યા અને ઈનટચ મેસેન્જર આપવામાં આવ્યું જેમાં ચાર્લ્સ સ્ટેન્લીનાં ૬૦ સંદેશા ગુજરાતીમાં છે. વિજયભાઈને ઘણો આનંદ થયો.

એક ખ્રિસ્તી અંધ યુગલે અમારી મુલાકાત લીધી. અમારા માટે પ્રાર્થના કરી. બહેન માટે ડ્રેસ અને પર્સ આપ્યા.

❖ **જુવાનસિંહ સોઢા પરમાર (મોટી મુંદેલ) :** જૂન ૧૦મીએ નડીયાદ એસ.ટી.બસસ્ટેન્ડ પાસે આ અંધ યુગલ પસાર થતું હતું. તેમની સાથે વાર્તાલાપ કર્યો અને ઓડીયો બાઈબલ તથા મેમરી કાર્ડ આપ્યું.

જુવાનસિંહ પૂછવા લાગ્યા કે તમે શાંતિભાઈ છો? આપણે અગાઉ મળ્યા છીએ! તેને ઘણો આનંદ થયો અને ઓડીયો બાઈબલ સાંભળવા વચન આપ્યું.







**નેપાલી :**

**મી. કમલેશભાઈ પરમાર** (નડીયાદ) દ્વારા અમને ૬૦૦ નેપાલી નવા કરાર પ્રાપ્ત થયા છે. પ્રભુએ અમારી પ્રાર્થના સાંભળી! ગરમ કપડાં વેચનાર નેપાલીઓ વહેલા જતા રહ્યા હોવાથી તેમને નવા કરાર આપી શક્યા નહિ. પરંતુ તે વગર નડીયાદ, ઉત્તરસંડા, આણંદ, બોરીયાવી, લાંભવેલ, ગાંધીનગર, કઠલાલ અને અમદાવાદમાં નેપાલી કૂક અને વેઈટર્સને લગભગ ૨૦૦ જેટલા નેપાલી નવા કરાર આપવામાં આવ્યા છે. ફક્ત નડીયાદમાં જ ૧૨ જેટલા નેપાલી ફૂડ રોડ સાઈડ રેસ્ટોરાં છે!

માર્ચ દરમ્યાન ૪૩ નેપાલીઓને મેમરી કાર્ડ આપવામાં આવ્યાં જેમાં નેપાલી ખ્રિસ્તી ગીતો, સાક્ષી અને નેપાલીમાં જીસસ ફિલ્મ ડાઉનલોડ કરવામાં આવી છે. પ્રાર્થના કરશો કે તેઓ વાંચે, વીડિયો જુએ અને પ્રભુનો આત્મા તેઓમાં કાર્ય કરે.

**અન્ય કાર્ય :**

૦ એક સાધુને બે બુકલેટ આપી.

૦ પેટ્રોલ પંપ પર ત્રણ વર્કરને બુકલેટ આપી. પેટ્રોલ પૂરનારે જોયું કે મારી ડીકીમાં મેમરી કાર્ડ છે તેથી તેણે પૃચ્છા કરી કે આ શું છે? મેં તેને આપ્યું. તેમાં ૮ અન્યધર્મી વ્યક્તિઓના જીવન ચરિત્રનાં પુસ્તકો અને ખ્રિસ્તી ગીતો અને નાની સાક્ષીઓ છે.

૦ બીજી એક ઓફિસમાં ત્રણ સ્ટાફને બુકલેટ આપી.

**લોકડાઉન મિનિસ્ટ્રી :**

વિશ્વવ્યાપી મહામારીને લઈને માર્ચની અધવચથી ગુજરાતમાં તથા અન્ય રાજ્યોમાં લોકડાઉન લાદવામાં આવ્યું. તેથી બહાર જવાય નહિ, અને ગુડ ન્યૂઝ મિટિંગ યોજી શકાય નહિ.

પરંતુ ટેકનોલોજીને કારણે પ્રભુનું કાર્ય ચાલુ રાખવાનું શક્ય બન્યું. અમારા અંધ મિત્રો પાસે મોબાઈલ હોય છે અને મોટા ભાગનાની પાસે વૉટ્સએપ હોય છે. તેથી અમે તેમના પર સંદેશા, સાક્ષી, ખ્રિસ્તી ગીતો મોકલવાનું શરૂ કર્યું

યુટ્યુબ પર અન્યવિશ્વાસમાંથી આવેલા ઘણાં નવા વિશ્વાસીઓને સાક્ષીઓ છે તે અમે ડાઉનલોડ કરી ધર્મ પ્રમાણે દરરોજ મિત્રો પર સાક્ષીઓ મોકલીએ છીએ.

હાલમાં લોકડાઉનને લીધે જાહેર ભક્તિસભાઓનું સ્થાન ઓનલાઈન મિટિંગે લીધું છે. તેથી અમે દરરોજ ઘણા સંદેશા ખ્રિસ્તી અંધજનોને પોસ્ટ કરીએ છીએ. જેથી ખ્રિસ્તી જીવનમાં તેઓ દ્રઢ થાય અને વૃદ્ધિ પામે.

વળી પુનરાગમનના સંદેશા, યુટ્યુબ પરથી રેપ્ચર, પડતા મુકાશો, વગેરે વિષય પર ડબ કરેલી હિન્દી, નાની મોટી ફિલ્મ/ક્લીપીંગ પણ બધા અંધ મિત્રો પર પોસ્ટ કરીએ છીએ.

કેટલાક અંધ મિત્રોના વાલીઓ પર પણ આ બધું મોકલીએ છીએ.

**પ્રેયર કન્સર્ન :**

પ્રભુ ઈસુનું પુનરાગમન નજીક આવે છે ત્યારે આપણે આ અંધ, નેપાલી, સાધુઓ માટે આગ્રહથી પ્રાર્થના કરીએ કે તેઓ વાંચે, સાંભળે અને ઈસુ એકલા જ તારનાર છે તે સ્વીકારે.

પ્રભુ તમારી સાથે રહો અને તમને આશિષ પમાડો.

We work together with our Savior
Who has called us to work with Him in His vineyard

પ્રાર્થનાસહ,

**શાંતિજય આઈ. ખ્રિસ્તમુક્તિ**

**— વધુ માહિતી અને ખાસ દાન માટે સંપર્ક કરોઃ --**

**રેવ. ડો. શાંતિજય આઈ. ખ્રિસ્તમુક્તિ -- Serving Friends Foundation**

૭/બી, મસિહ સોસાયટી, ''શારોન'', ડીડીએમએમ સામે, મિશન રોડ, નડિયાદ, ગુજરાત-૩૮૭ ૦૦૨

Cellphone: 09429132227 Email: skblind@gmail.com

**Trust Regd.No. E/18353 Ahmedabad ---- No. DIT(E)/80G(5)/1052/2007-08**

જાહેરાત

# નર્સિંગ પ્રવેશ

| ક્રમ | કોર્સનું નામ | વર્ષ | લાયકાત |
|---|---|---|---|
| ૧. | હોસ્પિટલ આસિસ્ટન્ટ | ૧-વર્ષ | ૧૦ / ૧૨ પાસ |
| ૨. | GNM (માર્ગદર્શન-બેંગલોર) | ૩-વર્ષ | ધો.૧૨ પાસ |
| ૩. | પેશન્ટ કેર ટેકનીશીયન | ૧-વર્ષ | ૧૦ / ૧૨ પાસ |
| ૪. | એક્સ-રે ટેકનીશીયન | ૧-વર્ષ | ૧૦ / ૧૨ પાસ |
| ૫. | ઓપરેશન થિયેટર ટેકનીશીયન | ૧-વર્ષ | ૧૦ / ૧૨ પાસ |

આર્ટસ અને કોમર્સના વિદ્યાર્થીઓ માટે **GNM** છેલ્લી તક

## ગ્રો-વેલ નર્સિંગ અકેડેમી

મહાવીર માર્ગ,આણંદ. ફોનઃ(૦૨૬૯૨)૨૫૯૨૧૦.
સમય : સવારે :૦૯.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી (સોમ થી શુક્ર)

**99 135 57505 | 96 382 78952**

❖ બેંગ્લોરની INC અને KNC માન્ય સરકારી કોલેજોમાં પ્રવેશ
❖ સૌથી ઓછી અને દરેકને પોષાય તેવી ફી, બહેનો માટે હોસ્ટેલ

ફી સિવાય કોઈ જ પ્રકારનો છુપો ખર્ચ નહી.

જાહેરાત

# PRIME TUTORIALS

## Online English

હવે અંગ્રેજી શીખવું થયું વધુ સરળ
ABCD થી લઈને વાતચીત કરવા સુધી
આપણા સમાજના કોઈ પણ મંડળીના ઓછામાં ઓછા
૧૦ વ્યક્તિનું ગ્રુપ હશે તો ફીમાં ૫૦% રાહત મળશે.

Spoken English : Level A, B, C
Grammar : For a day / week / month
English : First Language : Std. 9 to 12 GSEB
English : Second Language : Std. 11 & 12

નબળી પરિસ્થિતિવાળા વિદ્યાર્થીને પાળક સાહેબ અથવા
અન્ય આગેવાનની ભલામણથી ફીમાં રાહત મળશે.

**Contact : 8866520620**

બપોરે ૩ વાગ્યા પછી ફોન કરવા વિનંતી

જાહેરાત

ભવ્ય સફળતા બાદ 10 માં વર્ષમાં પ્રવેશ - નર્સિંગ પ્રવેશ - 2020 2021
ICM/QGJ24/676 (પ્રાર્થના ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત) F - 19736

# પ્રાર્થના નર્સિંગ એન્ડ પેરા મેડીકલ ઈન્સ્ટીટ્યુટ

GUJ - 7259 (ગુજરાત, કર્ણાટક, આંધ્રપ્રદેશ ગવર્નમેન્ટ G.N.C., K.N.C. INC માન્ય કોર્ષ)

## G.N.M. - 3 Years, P.B. B.Sc. - 2 years

(1 year & 2 year)
ડિપ્લોમા નર્સિંગ આસિસ્ટન્ટ
ડિપ્લોમા ઈન ઓટી આસિસ્ટન્ટ
ડિપ્લોમા ઈન લેબ ટેકનિશીયન
ડિપ્લોમા ઈન પેરા મેડિકલ ટેકનિશીયન
ડિપ્લોમા ફાર્મસી આસિસ્ટન્ટ
ડિપ્લોમા અલ્ટ્રા સાઉન્ડ ટેકનિશીયન
સર્ટીફિકેટ આયુર્વેદિક ફાર્મસી

(1 year & 2 year)
નર્સિંગ આસિસ્ટન્ટ
એડવાન્સ નર્સિંગ હોસ્પિટલ પ્રોગ્રામ
X - Ray Tech.
F.H.W., M.P.H.W.
D.M.L.T., M.R.I. Tech.,
Radiology Tech.,
Senetary Heatlth Inspector

ISO. 9001-2015 Certificate

૧. રજીસ્ટર્ડ ગુજરાત ગવર્નમેન્ટ માન્ય કોર્ષ
૨. વહેલા તે પહેલાનાં ધોરણે પ્રવેશ
૩. દરેક કોર્ષનાં એડમિશન ચાલુ છે.
૪. યોગ્ય ફી તથા ફી ભરવાનાં અનુકૂળ તબક્કા
૫. માતા - પિતા વિનાની, વિધવા બહેનો માટે ફી માં રાહતદર
૬. સરકારી અને પ્રાઈવેટ નોકરીઓ માટે પુષ્કળ તકો.
૭. પ્રેક્ટીકલ ટ્રેનિંગ માટે હોસ્પિટલની સુવિધા.
૮. પાસ થયા પછી દેશ - વિદેશમાં નોકરીની ઉત્તમ તક.
૯. વિદ્યાર્થીઓને જરૂરી મટીરીયલ્સ સંસ્થા તરફથી મફત પુરૂં પાડવામાં આવશે. (લાઈબ્રેરી)
૧૦. SC / ST / OBC ને સ્કોલરશીપની સુવિધા (બેંક લોનની સુવિધા)
૧૧. સંપૂર્ણ AC ક્લાસની વ્યવસ્થા.
૧૨. CCTV થી સજ્જ ક્લાસરૂમ
૧૩. 3 - D પ્રોજેક્ટ દ્વારા શિક્ષણ
૧૪ સંપૂર્ણ સુસજ્જ FIRE SEFTY CLASSES

ધોરણ : 12 આર્ટસ, કોમર્સ, સાયન્સ, ધો. 10 - 12 પાસ-નાપાસ ભાઈઓ બહેનો પણ નર્સિંગ કરી શકે છે.

-: CONTACT :-
NILESH CHRISATIAN - 99245 58531, NEHAL DESAI - 98799 71766
OFFICE : 98988 118822
e-mail : prarthnaparamedicalinstitute@gmail.com website : www.prarthnaparamedicalinstitute.com

હેડ ઓફિસ : 32, પહેલો માળ, ભુલેશ્વર સોસાયટી, લક્ષ્મીનારાયણ બસ સ્ટેન્ડ કોર્નર, મણિનગર (પૂર્વ), અમદાવાદ : 380 008.
બ્રાંચ : અમરાઈવાડી પોલીસ સ્ટેશન પાસં, પહેલો માળ જોગણી માતાનાં મંદિર પાછળ, અમરાઈવાડી, અમદાવાદ. ( મો. 91737 19831 )



# હલ્લો ગુજરાત

## મોરારિબાપુની બાઇબલ વિષે ભ્રામક વાતો

પાછલા દિવસોમાં કથાકાર મોરારિબાપુએ પોતાની 'માનસદર્શન' કટારમાં બાઇબલનાં સત્યવચનોનું ખોટું અર્થઘટન કર્યું હતું. આ સમગ્ર બાબત શું છે તેની છણાવટ કરતો એક પત્ર આપણા વિદ્વાન સાહિત્યકાર ડો. સુરેન્દ્ર આસ્થાવાદીએ તેમને લખ્યો હતો. જેને વાચકોની જાણકારીના હેતુસર અક્ષરશઃ નીચે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા થોડા સમયોમાં આ કથાકાર ઉપર અન્ય હિન્દુધર્મી સંપ્રદાયો અને ફાંટાઓની પણ લાગણી દુભવવાના આક્ષેપો થયા છે. જેને પગલે તેમણે વારંવાર માફી માંગવાના અહેવાલો ચર્ચામાં છે.

**પત્ર**

**વિષય : આપના દ્વારા ખ્રિસ્તી ધર્મગ્રંથ પવિત્ર બાઇબલનાં વચનોનું કરાયેલું વિપરીત અર્થઘટન**

સ્નેહી મોરારિ બાપુ, આપને વિદિત કરવાનું કે

દિવ્ય ભાસ્કર અખબારના તા.૦૭/૦૬ના રસરંગ પૂર્તિ વિભાગમાં આપના કટારલેખ માનસદર્શનમાં આપના દ્વારા પવિત્ર બાઇબલનાં વચનો અને સત્યોનું ભળતું અર્થઘટન કરાયેલું છે. પરિણામે ખ્રિસ્તી જનતાની લાગણી ઘવાય અને દુભાય એ સ્વાભાવિક છે. પ્રસ્તુત લેખમાં આપે બાઇબલના પ્રથમ ગ્રંથ 'ઉત્પત્તિ' ના પ્રકરણ ૦૩ માં વર્ણિત 'ગાર્ડન ઓફ એડન'નો ઉલ્લેખ કરેલો છે. તેમાં આપે જણાવ્યું છે કે 'મૂળ કથામાં જીવનનો અર્થ નથી સમજાવાયો.' આપનું આ કથન ખોટું છે. ખરેખર તો ત્યાં મૂળ કથામાં જીવનનો અર્થ સમજાવાયો છે. વળી આપ લખો છો કે 'જે નથી સમજાવવા માગતા એવા ધાર્મિક લોકોએ પોતપોતાના ધર્મના નામે એવું કહ્યું છે કે ત્યાં બે જ વૃક્ષ છે.' વાસ્તવમાં બાઇબલમાં તો બે જ વૃક્ષ નહીં પણ સર્વપ્રકારનાં વૃક્ષનો ઉલ્લેખ કરાયેલો છે ઉત્પત્તિ ૨:૯. ત્યાં માત્ર બે નહીં, ઘણાં વૃક્ષો હતાં.

જો કે આપે જણાવી છે તે આ બાબત સાચી છે કે, બે વૃક્ષમાંના એકનું નામ 'જ્ઞાન' અને બીજાનું નામ 'જીવન' છે. તેમાંના જે વૃક્ષને આપ 'જ્ઞાનવૃક્ષ' કહો છો તેને બાઇબલમાં 'ભલુંભૂંડું જાણવાનું વૃક્ષ' અને જેનો ઉલ્લેખ આપે 'જીવનવૃક્ષ' તરીકે કરેલો છે તેને એ જ રીતે 'જીવનનું વૃક્ષ' કહેલું છે.

પછીથી આપ લખો છો કે, 'કહેવાયું કે, જ્ઞાનનું ફળ ખાવું.' પરંતુ આપની એ હકીકત બાઇબલ-આધારિત નથી. 'જ્ઞાનનું ફળ એટલે કે ભલું ભૂંડું જાણવાના વૃક્ષનું ફળ ખાવું' એવું બાઇબલમાં કહેવાયું નથી. ઊલટાનું એ વૃક્ષનું ફળ ખાવાની તો ઈશ્વરે મનાઈ ફરમાવેલી હતી. જ્ઞાનનું ફળ ખાવાની છૂટ આપવામાં આવેલી ન હતી. છતાં આપ જણાવો છો કે 'આપણને જ્ઞાનનાં ફળ ખાવાની છૂટ આપવામાં આવી.' એ આપનું કથન બાઇબલ સાથે સુસંગત નથી.

વિશેષમાં આપ લખો છો કે 'બંને વ્યક્તિ - આદમ અને હવા (ઈવ)- જીવનનું ફળ ખાઈ ગયાં.' એ નિવેદન પણ ખોટું છે. કેમ કે બાઇબલ અનુસાર તો "તેઓએ 'જીવનના વૃક્ષ'નું ફળ ખાધું નથી." જો એ ફળ ખાધું હોત તો તેઓને જીવન મળ્યું હોત. તેઓએ તો આપ કહો છો તે 'જ્ઞાન'નું એટલે ભલુંભૂંડું જાણવાનું ફળ ખાઈ લીધું હતું.

પછી આપનું નિવેદન છે કે 'એ બિચારાં (આદમહવા)ને પકડ્યાં, માર્યાં અને પાડી દીધાં.'

આ વિધાન પણ આપની પોતાની કલ્પનાસ્વરૂપ છે. વાસ્તવમાં તેઓને પકડ્યાં નથી, માર્યાં નથી કે પાડી દીધાં નથી. પ્રભુ એવું શું કરવા કરે? તેઓ તો તેમને શોધતા હતા, કે આદમ તું ક્યાં છે? ઉત્પત્તિ ૩:૦૯.

**અનુસંધાન પાના નં. ૩૭ ઉપર...**

# શબ્દગૂંચ - ૧૬૩



નીતા બેન્જામીન

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | ૩ | ૪ | | ૫ | ■ | ૬ | |
| ૭ | ૮ | | | | ■ | ૯ | ૧૦ | | ■ |
| ૧૧ | | ■ | | ■ | ૧૨ | ■ | ૧૩ | | ૧૪ |
| ■ | ૧૫ | ૧૬ | | ■ | ૧૭ | | | ■ | |
| ૧૮ | | | ■ | ૧૯ | | ■ | ■ | ૨૦ | |
| ૨૧ | | ■ | ૨૨ | | | ■ | ૨૩ | | ■ |
| | ૨૪ | | | | | ■ | | ■ | ૨૫ |
| ■ | ૨૬ | | ■ | ૨૭ | | ૨૮ | ■ | ■ | |
| ૨૯ | | | ૩૦ | ■ | ■ | ૩૧ | ૩૨ | ૩૩ | |
| | ■ | ૩૪ | | | ■ | ૩૫ | | | |

**શાસ્ત્રવાચન : રોમનોને પત્ર**

**આડી ચાવી :**

૨. વળી તું કહેશે કે, હું _________ મેળવાઉં માટે ડાળીઓને તોડી નાખવામાં આવી.(૫)

૬. કેમ કે ઈશ્વર બધા ઉપર દયા _________, એ માટે તેણે બધાને અવિશ્વાસને આધીન ઠરાવ્યા છે.(૨)

૭. વિશ્વાસમાં જે નબળો હોય તેનો અંગીકાર કરો, પણ શંકા પડતી બાબતોના _________ ને સારુ નહિ.(૫)

૯. મેજ,(અંગ્રેજી શબ્દ)(૩)

૧૧. કેમ કે તારા હિતને અર્થે તે ઈશ્વરનો કારભારી છે; પણ જો તું ભૂંડું કરે તો _________ રાખ. ... કેમ કે તે કોપનો બદલો વાળનાર છે.(૨)

૧૩. પ્રેમ, હેત, પસંદગી(૩)

૧૫. જીવનભર વેચાયેલો નોકર(૩)

૧૭. ... કેમ કે યથાયોગ્ય શી પ્રાર્થના _________ એ આપણે જાણતા નથી, પણ આત્મા પોતે અવાચ્ય નિસાસાથી આપણે સારુ મધ્યસ્થતા કરે છે.(૩)

૧૮. ... પોતાને જે _________ લાગે છે, તે બાબતમાં જે પોતાને દોષિત ઠરાવતો નથી તેને ધન્ય છે.(૩)

૧૯. અરસપરસ એક દિલના થાઓ. તમારું મન _________ મોટી બાબતો પર ન લગાડો.(૨)

૨૦. તેથી ભાઈઓ, હું તમને વિનંતી કરીને કહું છું કે, ...એ તમારી બુદ્ધિપૂર્વક _________ છે.(૨)

૨૧. સાહેબ(અંગ્રેજી શબ્દ)(૨)

૨૨. એ છતાં વિદેશીઓ પવિત્ર આત્માથી પાવન થઈને માન્ય અર્પણ થાય, માટે ઈશ્વરની સુવાર્તાનો _________ થઈને હું વિદેશીઓ પ્રત્યે ખ્રિસ્ત ઈસુનો સેવક થાઉં.(૩)

૨૩. કેમ કે મૂએલાં તથા જીવતાં બન્નેનો તે પ્રભુ થાય, એ જ _________ થી ખ્રિસ્ત મરણ પામ્યો.(૨)

૨૪. પક્ષીઓનો મધુર અવાજ(૪)

૨૬. ...જો _________ પવિત્ર છે, તો ડાળીઓ પણ પવિત્ર છે.(૨)

૨૭. ખંજવાળ(૩)

૨૯. ખ્રિસ્તના પ્રેમથી આપણને કોણ જુદા પાડશે ... જોખમ કે _________ ?(૪)

૩૧. તેઓએ મારા જીવને સારુ પોતાની _________ ધરી છે. તેઓનો આભાર એકલો હું જ નહિ પણ વિદેશીઓમાંની સર્વ મંડળીઓ પણ માને છે.(૪)

૩૪. સ્તેફન પ્રથમ ખ્રિસ્તી _________ હતો. (૩) (સામાન્ય જ્ઞાન)

૩૫. ખુશાલી કે રજાનો દિવસ, ઉત્સવ, પર્વ(૪)

**ઊભી ચાવી :**

૧. પણ જો તારો વૈરી ભૂખ્યો હોય તો તેને _________(૩)

૨. જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે _________(૨)

૩. ગુજરાતી ક્રિશ્ચિયન્સ સામયિકનું _________

એકસોવીસ રૂપિયા છે.(૪)
૪. કેફ, નશો (૨)
૫. તેઓએ અવિનાશી ઈશ્વરના મહિમાને બદલે નાશવંત માણસ, ... અને ________ ચાલનારાં પ્રાણીઓના આકારની મૂર્તિઓ બનાવી.(૨)
૬. તેઓ તો સર્વ પ્રકારના અધર્મીપણાથી .... ભરપૂર હતાં. વળી ઈર્ષાથી, હત્યાથી, ________ થી કપટથી તથા દ્વેષભાવથી ભરપૂર હતાં.(૩)
૮. ઈશ્વરે તેને તેના રક્ત પરના વિશ્વાસથી પ્રાયશ્ચિત્ત થવા સારુ ઠરાવ્યો, જેથી ઈશ્વરની સહનશીલતાથી અગાઉ થયેલાં પાપની ________ થઈ.(૫)
૧૦. કેમ કે જો ઈશ્વરે અસલ ડાળીઓને ________ નહિ, તો તે તેને પણ બચાવશે નહિ.(૩)
૧૨. ... તથા ઈશ્વરના યથાર્થ ન્યાયના ________ ને દિવસે થનાર કોપનો સંગ્રહ કરે છે.(૬)
૧૪. વળી તું કહેશે કે, હું કલમરૂપે મેળવાઉં માટે ડાળીઓને તોડી ________ માં આવી.(૩)
૧૬. કાચ વગેરે સાંધવા માટેની લૂગદી.
૧૮. પણ તમે પ્રભુ ઈસુ ખ્રિસ્તને પહેરી લો, અને દેહને માટે, એટલે તેની દુષ્ટ ________ ઓને અર્થે, ચિંતન ન કરો.(૩)
૧૯. દિવસે જેમ ઘટે તેમ આપણે શોભતી રીતે વર્તીએ, ________ માં તથા નિશામાં નહિ.(૪)
૨૦. ગુજરાતી ક્રિશ્ચિયન્સ - આપણી સામાજિક નિકટતાનો ________.(૨)
૨૨. કેશવાળી (૨)
૨૩. સોનું (૨)
૨૪. તેઓનું મોં શાપથી તથા ________ થી ભરેલું છે.(૪)
૨૫. પ્રકટીકરણમાં એશિયા ________ ની સાત મંડળીઓ વિશે વાત છે.(૪)
૨૬. કસબ, જરી, દોલત (૨)
૨૮. આ ________ નું, રૂપ તમે ન ધરો.(૩)
૨૯. કેમ કે જો તેઓને ________ દેવાથી જગતનું ઈશ્વરની સાથે સમાધાન થયું.(૨)
૩૦. ... પણ અમને આશા છે કે, જેમ જેમ તમારો વિશ્વાસ વધશે તેમ તેમ અમે પોતાની હદમાં ________ ને તમારે આશરે એવા પુષ્કળ વધીશું.(૨) ૨ કરિં.૧૦
૩૨. વળી એ કારણ માટે તમે કર પણ ભરો છો, કેમ કે તેઓ ઈશ્વરના સેવક છે ને તે જ કામમાં લાગુ ________ છે.(૨)
૩૩. ઔષધ, ઓસડ, ઈલાજ (૨)

## શબ્દગૂંચ ૧૬૨નો જવાબ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ૨ મા | ન | ૩ તા | | ૪ લા | ૫ ભ | ૬ કા | ૭ ર | ક |
| ૮ મ | ન | | ૯ રો | ૧૦ મ | | ૧૧ જ | ગ | ત | |
| ૧૨ જ | ના | ૧૩ ર | | ૧૪ ગ | ૧૫ ગ | ન | | ૧૬ ન | ૧૭ વા |
| ૧૮ ના | રા | જ | | ૧૯ રૂ | પ | | ૨૦ સ | | ર |
| ર | | | ૨૧ મ | રી | | ૨૨ સ | હ | વા | સ |
| | ૨૩ પ્ર | ૨૪ સા | ર | | ૨૫ સ | મા | ન | | |
| ૨૬ સ | | ૨૭ મા | ણ | ૨૮ સ | | ધા | | ૨૯ પો | તે |
| ૩૦ જી | ૩૧ વ | ન | | ખ | | ૩૨ ન | મ્ર | તા | |
| ૩૩ વ | ગ | | ૩૪ સં | તા | ૩૫ પ | | | ૩૬ ના | ૩૭ ના |
| ૩૮ ન | ર | | | ૩૯ ઈ | તિ | હ | સ | | શ |

## શબ્દગૂંચ ૧૬૨ના સાચા જવાબ મોકલનારની યાદી

જ્યોતિબેન ખંભાતા - સુરત
મેબલ ઠાકોર - વલસાડ
ઈલાબેન રજવાડી - રાજપીપળા
રમેશ પંચાલ - વડોદરા
શાંતિએલ હેગન - ગાંધીનગર
અમિતા ગાર્લિક - વડોદરા
નેન્સી ક્રિશ્ચિયન - મહેમદાવાદ
કિરણબેન ચૌહાણ - વડોદરા
વોલ્ટરભાઈ મેકવાન - સુરત

# હૃદય ખુલ્લાં કરો

વિપરીત પરિસ્થિતિમાં મુકાયેલી વ્યક્તિ, જેના પર ભરોસો છે તેની આગળ પોતાનું હૃદય ખુલ્લું કરે છે. હૃદયમાં ભરાયેલી વેદનાનો ઊભરો ઠાલવે છે. જેથી તેના હૃદયનો ભાર હળવો થતાં રાહત અનુભવે છે. જીવનની અનેક વિટંબણાઓ, બોજ, પીડાથી માનવીનાં હૃદયો વિહ્વળ બની જતાં હોય છે અને એવી મુશ્કેલ પરિસ્થિતિઓમાં કોઈ સાંભળે એવી આશા સેવતાં હોય છે.

વચનો આ પ્રમાણે કહે છે:

"હે લોકો, તમે સર્વ પ્રસંગે તેનો ભરોસો રાખો. તેની આગળ તમારું હૃદય ખુલ્લું કરો, પ્રભુ આપણો આશ્રય છે." (ગી.શા.૬૨:૮)

પ્રભુ વિશ્વસનીય છે અને આપણી વેદના સાંભળવા તૈયાર છે. જીવનના સર્વ પ્રસંગોમાં ઈશ્વર પર ભરોસો રાખી પોતાની સર્વ બાબતો માટે ઈશ્વર આગળ હૃદય ખુલ્લું કરવાનું કહ્યું છે. આપણે ઈશ્વર આગળ હૃદય ઠાલવી શકીએ છીએ.

આપણે જોઈએ છીએ કે હાન્નાને બાળક નહોતું. તે મંદિરમાં જઈ પ્રાર્થના કરીને યહોવા આગળ પોતાનું દિલ ઠાલવતી હતી અને પ્રભુને વિનંતી કરતી હતી કે બાળક મળે તો તે ઈશ્વરને અર્પણ કરી દેશે. ઈશ્વરે તેની પ્રાર્થના માન્ય કરી.

વચનો આ પ્રમાણે કહે છે:

"માણસનો ભરોસો કરવા કરતાં યહોવા પર આધાર રાખવો સારો છે. (ગી.શા.૧૧૮:૮)

ઈશ્વર સાથે નિકટતાનો સંબંધ બાંધવો જરૂરી છે. પ્રથમ ઈશ્વરને સ્થાન આપવાનું છે. પ્રભુ વિશ્વાસુ છે જેથી હૃદય ખુલ્લું કરવું, ઠાલવવું શક્ય બને છે.

તેઓ કહે છે, "તારો બોજો યહોવા પર નાખ એટલે તે તને નિભાવી રાખશે, તે કદી ન્યાયીને ઠોકર ખાવા દેશે નહિ. (ગી.શા.૧૫:૨૨)

પૃથ્વી પરની માનવજાત પ્રશ્નોના વંટોળમાં ફસાઈ ગઈ છે. મહામારીની અસરથી ઘેરાઈ ગઈ છે. સહારો શોધે છે. કંઈ સૂઝતું નથી. પ્રયત્નો નિષ્ફળ જાય છે. ઈશ્વર પિતાની ઇચ્છાને અવગણી દૂર જાય છે અને પોતાની ઇચ્છા પ્રમાણે વર્ત્યે જ જાય છે. ઈશ્વર જોઈ રહ્યા છે. તેઓ તો દુષ્ટ માર્ગોથી પાછા ફરવાનું જણાવે છે. પશ્ચાત્તાપ, કબૂલાત કરીને હૃદય ખુલ્લું કરવાનું કહે છે. દીન બની, પ્રાર્થના કરી પ્રભુ પાસે આવવાનું છે. પ્રભુ સાંભળશે અને દેશને સાજો કરશે. એટલે પ્રભુ પિતા માનવી પાસે અપેક્ષા રાખે છે.

વચનો આ પ્રમાણે કહે છે:

"ત્યારે જો મારા લોક જેઓ મારા નામથી ઓળખાય છે તેઓ નમી જશે ને પ્રાર્થના કરીને મારું મુખ શોધશે ને પોતાના દુષ્ટ માર્ગોથી ફરશે, તો હું આકાશમાંથી સાંભળીને તેઓનાં પાપ માફ કરીને તેઓના દેશને સાજો કરીશ." (૧ કાળ.૭:૧૪)

પ્રભુ સમસ્યાનો ઉકેલ બતાવે છે. નમ્ર બની પ્રાર્થનામાં હૃદય ખુલ્લું કરી પોતાનાં પાપોનો પસ્તાવો કરવો, કબૂલાત કરી પાછા ફરવું અને પ્રભુમય નવું જીવન જીવવું એ પ્રભુને પસંદ છે અને પ્રભુ પરિણામ આપે છે.✍

**વિજયપુષ્પાબહેન ઈ. ભગોરા, બિલડીઆ**

✦✦✦

Visit

www.facebook.com/gujaratichristians

and press Like button

# ગુજરાતી ક્રિશ્ચિયન કમ્યુનિટી ડેવલપમેન્ટ ટ્રસ્ટ
## ને ગત માસની ૧૫મી તારીખ સુધી મળેલા દાનની વિગતોઃ

₹ ₹

શ્રી કાંતિલાલ પી. મિસ્ત્રી ........નડિયાદ...૧૦૦૦=૦૦

શ્રીમતી કાર્મીલીનબેન ગિલ્બર્ટ, હ્યુબર્ટ ગિલ્બર્ટની પ્રેમભરી યાદમાં ...................મુંબઈ ......૫૦૦=૦૦

શ્રીમતી એડલીના એફ. ક્રિશ્ચિયન...મણિનગર...૨૦૦=૦૦

**Thank you...!**

**આપના ચેક/ડ્રાફ્ટ "GUJARATI CHRISTIAN COMMUNITY DEVELOPMENT TRUST" ના નામે મોકલવા વિનંતી અથવા મનીઓર્ડર પણ કરી શકો છો.**

### અંત સમયની નિશાનીઓ કઈ?

**અનુસંધાન પાના નં. ૨૬નું ચાલુ...**

ઈસુના પુનરાગમન સંદર્ભે બેદરકાર છે. આ જાગવાનો સમય છે. ઈસુ આપણને માર્ક ૧૩:૩૬માં ચેતવણી આપે છે કે, તે જ્યારે મંડળીને પાછા લેવા આવે ત્યારે ઊંઘતા ન ઝડપાઈએ માટે જાગતા રહેવાનું કહે છે. આજે, આપણી આસપાસ બનતી બિનાઓ પરથી ઈસુના પુનરાગમનનો સમય પાસે છે તે જાણી શકાય છે. ઉપરાંત આપણી નજર સામે જ ભવિષ્યવાણીઓ પૂરી થઈ રહી છે તેમ છતાં આપણે બેદરકાર છીએ. માટે દરેક વિશ્વાસીની એ ફરજ છે કે કમર બાંધેલી રાખીએ અને દીવા સળગતા રાખીએ.✍

**શિરીષ જોસેફ ક્રિસ્ટી, અમદાવાદ**

★ ★ ★

### હલ્લો ગુજરાત

**મોરારિબાપુની બાઇબલ વિષે ભ્રામક વાતો**

**અનુસંધાન પાના નં. ૩૩નું ચાલુ...**

વિશેષમાં એદન બાગના સાપને આપે નાગદેવતા સાથે સરખાવ્યો છે, તેને બાઇબલનું અનુમોદન કે સમર્થન મળતું નથી. આ સાપને આપ નાગદેવતા મનાવો છો તે આપની પોતાની માન્યતા છે. આજ સુધીમાં અમને તો આવું બીજે ક્યાંય સાંભળવા મળ્યું નથી!

સાચી હકીકત એ છે કે એદન વાડીમાં આવેલો સાપ નાગદેવતા ન હતો. બાઇબલમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે તે તો સર્પનું રૂપ લઈને આવેલો ઈશ્વરનો વિરોધી - શેતાન હતો.

આપ રામાયણ ગ્રંથના પ્રખર અભ્યાસી વિદ્વાન અને નિષ્ણાત છો એ કદરપાત્ર છે. કિંતુ પવિત્ર બાઇબલ વિષે આપની સમજ ઓછી જણાય છે. તેના ખંતપૂર્વકના અભ્યાસ અને મનન દ્વારા હવે પછીની કથાઓ અને લેખોમાં ખ્રિસ્તીત્વ christianity કે બાઇબલ વિષે સાચો ઉલ્લેખ કરવા માટે ઈશ્વરપિતા આપને તલસ્પર્શી સમજ અને ઈશ્વરીજ્ઞાન બક્ષે એવી પ્રાર્થના સાથે શુભેચ્છા વ્યક્ત કરવામાં આવે છે.

આભારસહ, આપનો સહૃદયી,

**ડો. સુરેન્દ્ર આસ્થાવાદી, નડિયાદ**

(આ પત્ર મોરારિ બાપુને તથા દિવ્ય ભાસ્કરને મોકલી આપેલ છે.)

# 'ગુજરાતી ક્રિશ્ચિયન્સ' સામયિક - જાહેરાતના દર

## જાહેરાતના દર: બ્લેક એન્ડ વ્હાઈટ Black & White

| સાઈઝ (Size) | કુટુંબ /મંડળી/ધાર્મિક સંસ્થા (Families/Churches/Org.) | ક્રિશ્ચિયન કોમર્શિયલ |
|---|---|---|
| આખું પેજ (Full Page) | રૂા. ૩૦૦૦/- | રૂા. ૪૦૦૦/- |
| અડધું પેજ (Half Page) | રૂા. ૧૭૫૦/- | રૂા. ૨૦૦૦/- |
| ચોથા ભાગનું પેજ (Quarter Page) | રૂા. ૧૦૦૦/- | રૂા. ૧૨૫૦/- |

## જાહેરાતના દર: કલર જાહેરાતો માટે Colour

| | | |
|---|---|---|
| આખું પેજ (Full Page) | રૂા. ૬૦૦૦/- | રૂા. ૭૫૦૦/- |
| અડધું પેજ (Half Page) | રૂા. ૩૦૦૦/- | રૂા. ૪૦૦૦/- |
| ટાઈટલ અંદરનું પેજ (શરૂઆતે) | રૂા. ૧૫,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| ટાઈટલ અંદરનું પેજ (અંતે) | રૂા. ૧૦,૦૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| ટાઈટલ છેલ્લું પેજ | રૂા. ૨૦,૦૦૦/- | રૂા. ૨૫,૦૦૦/- |

## ખાસ જાહેરાત Special Items

આભારપત્ર (સ્વર્ગસ્થના ફોટા સાથે) રૂા. ૫૦૦/-
માત્ર ૧/૪ - ચોથા ભાગના પેજ માટે ફિક્સ ચાર્જ
અન્ય સાઈઝના આભારપત્રો માટે સામાન્ય જાહેરાતના દર લાગુ પડશે.

જીવનઝાંખી - એક પેજ કલર રૂા. ૭૫૦૦/-
એક પેજ બ્લેક એન્ડ વ્હાઈટ કુલ બે પેજનો ફિક્સ ચાર્જ

જીવન ઝાંખી - પેજ દીઠ રૂા. ૨૫૦૦/-
(આપશો એજ માસમાં છપાશે - કોઈ જ વેઈટીંગ નહી)

લગ્ન વિષયક (Matrimonial) ૧/૪ પેજ બોક્ષ નં. સાથે રૂા. ૧૨૫૦/-
આપની ઓળખ આપ્યા વગર ખાનગી પત્ર વ્યવહાર

**નોંધ :** (૧) દર મહિનાની ૨૦મી તારીખ સુધીમાં જાહેરાત મોકલવી. (૨) આપ જો અમદાવાદ બહારથી જાહેરાત મોકલો તો તેની સાથે આપના શહેરનો ચેક ન મોકલતા ડ્રાફ્ટ મોકલવા વિનંતી. (૩) આપના ચેક અથવા ડ્રાફ્ટ 'JENSON MEDIA CORPORATION' ના નામે અમદાવાદ ખાતે મોકલશો. (૪) કલર જાહેરાત / કોન્ટ્રાક્ટ માટે પત્રવ્યવહાર અથવા રૂબરૂમાં સંપર્ક કરશો. (૫) જાહેરાત, પેમેન્ટ વગેરે નીચેના સરનામે મોકલશો. **ગુજરાતી ક્રિશ્ચિયન્સ - જેન્સન મિડીયા કોર્પોરેશન, એ-૪, બેથલેહેમ ફ્લેટ્સ, પટેલવાડી, ખોખરા સ્નાનાગાર સામે, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦૦૦૮.**

**નોંધ : કોઈપણ લેઈટ ફી વગર દર મહિનાની ૨૦મી તારીખ સુધીમાં જાહેરાત સ્વીકારવામાં આવશે.**

**ફોન નં. ૦૭૯-૨૨૧૬૨૪૪૧**

૧. બર્થ ડે અને એનિવર્સરીની કલર અથવા બ્લેક એન્ડ વ્હાઈટ જાહેરાતો ચોથા ભાગના પેજની સાઈઝમાં ¼ છાપવામાં આવશે નહીં. આવીજાહેરાતોની મિનિમમ સાઈઝઅડધું પેજ રહેશે.

૨. કોઈપણ જાતના મિશન/પંથના ભેદભાવ વગર તમામ ખ્રિસ્તીજાહેરાતો સ્વીકારવામાં આવશે.

૩. ઈ-મેલથી જાહેરાત સ્વીકારવામાં આવશે **advtgc@gmail.com / contact@gujaratichristians.com** તથા **advertise@gujaratichristians.com** એ ત્રણેય આઈ ડી ઉપર મેઈલ કરશો. જાહેરાતની Printout તથા **JENSON MEDIA CORPORATION**ના નામે ડીમાન્ડ ડ્રાફ્ટ કઢાવી અમને પોસ્ટ કરશો.

**ખાસ નોંધ : ઉપરોક્ત જાહેરાતના દરો ફક્ત ક્રિશ્ચિયન જાહેરાતકર્તાઓ માટે છે. નોન - ક્રિશ્ચિયન જાહેરાતોના ભાવ માટે ફોન ઉપર અમારો સંપર્ક કરો.**

**બિન-નફાકીય 'ગુજરાતી ક્રિશ્ચિયન્સ' સામયિકને આપનો જાહેરાતરૂપી ટેકો આપશો....**

## ગુજરાતી ક્રિશ્ચિયન્સ સામયિકના લેખક
## ખ્રિસ્તી સાહિત્યક્ષેત્રે વિખ્યાત ડો. ઈમાનુએલ જી. ક્રિશ્ચિયનનાં પુસ્તકો

મર્યાદિત સમય પૂરતાં ઉદાર ૫૦% ડિસ્કાઉન્ટમાં ખરીદવાની સુવર્ણ તક...
(www.gujaratichristians.com ઉપર
ઓનલાઈન પણ ખરીદી શકો છો - પોસ્ટેજ ખર્ચ અલગ)




પુસ્તકો મેળવવા માટે રૂબરૂ મુલાકાત લો
સોમથી શનિ (સમય ૧૧ થી ૭)

## ગુજરાતી ક્રિશ્ચિયન્સ કાર્યાલય

પટેલવાડી, ખોખરા સ્નાનાગારની સામે, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦૦૦૮
ફોન : ૦૭૯-૨૨૧૬૨૪૪૧ e-mail: advtgc@gmail.com

GUJARATI CHRISTIANS - Monthly
July 2020

Published on 1st of every month Posted on 2nd of every month
Registered under RNI no. GUJGUJ/2007/20926
Registered under Postal Registration No. GAMC - 1615/2020-2022 valid upto 31st December-2022
issued by SSPO's Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 2nd of every month.




Owned, Printed and Published by Joseph Emmanuel Benjamin, Printed by him at Madhvi Offset Pvt. Ltd., B-20/21, Mohan Estate, Opp. Anupam Cinema, Khokhra, Ahmedabad - 380 008 and Published by him from A/4 Bethlehem Flats, Patelwadi, Maninagar(E), Ahmedabad-380 008. Editor : Joseph Emmanuel Benjamin.